

અપ્સરા (ચિત્રકાર - ઓશીઓ કાત્સુતા) ઈ. ૧૯૦૭માં જાપાનના આ કલાકારે ભારત આવીને એક વર્ષ સુધી આ દેશમાં પ્રવાસ-પર્યટનો કરી અહીંનાં કલાધામો જોયાં હતાં. અજંતાથી પ્રભાવિત થઈને એણે ત્યાંથી કલાશૈલીમાં રેશમના નાનકડા પટ ઉપર જલરંગોથી આ ચિત્ર બનાવ્યું હતું. તેમાં પાત્રોનાં દેહવળાંકો, આંખો, કેશગૂંફન અને કરાંગુલિઓમાં અજંતાનો પ્રભાવ દેખાય છે, જ્યારે પાત્રોનાં વસ્ત્રપરિધાન, નાક અને ચિત્રસંયોજન તે શૈલીથી ભિન્ન છે. અલબત્ત, આ કોઈ મહાન ચિત્રકૃતિ નથી, પણ તેમાં અજંતાની ચિત્રરીતિની ઊંડી સૂઝ સ્પષ્ટ છે. કોઈ વિદેશી કલાકારે કરેલું આ ચિત્ર છે એવું લાગતું જ નથી, અને એ જ તો આ કલાકારની સિદ્ધિ છે.

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ · આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત

વર્ષ ૬૧મું · અંક ૧૨મો · ડિસેમ્બર ૧૯૮૪ · સળંગ અંક ૭૩૨

તંત્રી · બિહારીલાલ ટાંક

કુમાર

પંદરમી સદીના જાપાનમાં સેસ્શુ એક મૂર્ધન્ય કલાકાર હતો. ઝેન પંથના ધર્મ-વિચારોથી પ્રભાવિત એણે બહુધા નિસર્ગ-દૃશ્યોનું જ આલેખન કર્યું છે, છતાં માનવ-પાત્રોનાં નિરૂપણમાં પણ એ એટલો જ પારંગત હતો. 'જુરોજિન' નામથી ઓળખાતા એના આ ચિત્રમાં અગણ્ય વર્ષોના અનુભવોથી પીઢ અને વયથી વાંકા વળી ગએલા જુરોજિનને એણે વસંતમાં ખીલી ઊઠેલાં પુષ્પોથી લચેલી અટપટા વળાંક લેતી વૃક્ષ-ડાળીની વચ્ચેથી ઝાંખતો દર્શાવ્યો છે. એની એકલતાના એકમાત્ર સાથી રૂપ હરણનું એક વિલક્ષણ બચ્ચું એના પગ પાસે લાડથી દબાઈને ઊભું છે. આ ચિત્રની ઉદાત્ત અને અર્થપૂર્ણ વિભાવનાથી ભાવક અચૂક પ્રભાવિત થાય એટલું સુંદર ચિત્રસંયોજન અને એનું જોશીલું આલેખન, સેસ્શુના અલ્પ-સંખ્ય છતાં જોમવંતા પાત્રાલેખનામાંનું એક સુખ્યાત અને ઉત્તમ ઉદાહરણ છે. આ અંકની 'કલાવાર્તા'માં સેસ્શુનો પરિચય આપ્યો છે.



જુરોજિન (કલાકાર · સૈસ્શુ)

કુમાર

ડિસેમ્બર ૧૯૮૪
સળંગ અંક ૭૩૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત · મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર ચકલા · અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

મુખલિંગ અને ઉમરાળા

ભાઈશ્રી હસમુખ વ્યાસ દ્વારા 'કુમાર' (સપ્ટેમ્બર)માં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામના મુખલિંગનો જે પરિચય અપાયો છે તે ગુજરાતની પુરાતાત્ત્વિક સમૃદ્ધિમાં અગત્યના ઉમેરા રૂપ છે. અલબત્ત, તેમનાં વિધાનો ક્ષતિપૂર્ણ અને શુદ્ધિવૃદ્ધિની અપેક્ષા રાખે તેવાં છે. સૌ પ્રથમ તો એમણે 'ગુપ્તસમય દરમિયાન મુખલિંગોની નવી શૈલી વિકસી' એમ કહીને તુરત જ 'ક્ષત્રપકાળનું મુખલિંગ ભરૂચમાંથી' પ્રાપ્ત હોવાનું જણાવ્યું ત્યાં વદતોવ્યાઘાત થાય છે, કારણ કે ગુપ્તકાળની પૂર્વે ક્ષત્રપકાળ છે!

ગુજરાત પૂરતો એક નાનકડો કાળક્રમ આપણે આમ ગોઠવી શકીએ :

(૧) પ્રાગૈતિહાસિક કાળ – દ્વારકા લોથલથી માંડીને ઈ. સ. પૂર્વે ચોથી સદી સુધી.

(૨) ઐતિહાસિક કાળ – ઈ. સ. પૂર્વે ચોથી સદીથી માંડીને આજ સુધી.

ઐતિહાસિક કાળના પેટાખંડો આ પ્રમાણે પાડી શકાય —

(૧) મૌર્યકાળ – ઈ. સ. પૂર્વે ચોથીથી ઈ. સ. પૂર્વે બીજી સદીનો અંત.

(૨) શુંગકાળ – ઈ. સ. પૂર્વે બીજીની અંતથી ઈ. સ. પૂર્વે પહેલી સદી.

(૩) ક્ષત્રપકાળ – ઈ. સ. પહેલીથી ચોથી સદી.

(૪) ગુપ્તકાળ – ઈ. સ. પાંચમીની ૩ પચીસી.

(૫) મૈત્રકકાળ – પાંચમીના અંતથી આઠમી સદીના અંત સુધી.

(૬) રાજપૂતકાળ – નવમીના આરંભથી તેરમીનો અંત.

આ કાળમાં ચાવડા, સોલંકી, વાઘેલા, ચૂડાસમા, જેઠવા, મકવાણા, ઝાલા, જાડેજા, પરમાર, ગોહિલ, વાળા વગેરે સ્વતંત્ર રાજપૂત રાજ્યો – દેશી રાજ્યો હતાં જે તેરમી સદી પછી મુસ્લિમ મરાઠા અને બ્રિટિશકાળ નીચે પણ ચાલુ રહ્યાં અને ૧૯૪૭માં સ્વતંત્ર ભારતમાં વિલીન પામ્યાં.

(૭) મુસ્લિમકાળ – ચૌદમી સદીના આરંભથી અઢારમીના પૂર્વાર્ધ સુધી.

(૮) મરાઠાકાળ – અઢારમીના ઉત્તરાર્ધથી ઓગણીસમીના પૂર્વાર્ધ સુધી.

(૯) બ્રિટિશકાળ – ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી વીસમીના પૂર્વાર્ધ સુધી.

(૧૦) સ્વાતંત્ર્યકાળ – વીસમીના ઉત્તરાર્ધ ૧૯૪૭થી ચાલુ.

એક મત મુજબ ભારતમાં પ્રાપ્ત સૌથી પ્રાચીન મુખલિંગ દક્ષિણ ભારતમાં ગુડીમલ્લમનું મુખલિંગ છે, જે ઈ. સ.ની આસપાસનું માનવામાં આવે છે. આ હિસાબે સામાન્યતઃ શુંગકાળથી મુખલિંગનો પ્રારંભ માની શકાય.

શ્રી વ્યાસ લખે છે કે 'અહીં નોંધવું અસ્થાને નહિ ગણાય કે સૌરાષ્ટ્રમાંથી મુખલિંગ મળી આવ્યાનું જાણમાં નથી.' શ્રી વ્યાસે 'કુમાર'ના પાછલાં વર્ષોના થોડા અંકો જોયા હોત તો આ વિધાન ન કરત. જૂનાગઢ જિલ્લામાંથી પ્રાપ્ત ચારચાર ઈંચનાં ત્રણ મુખલિંગો આ લખનાર તરફથી 'કુમાર' સપ્ટેમ્બર ૧૯૭૨ના અંકમાં પૃ. ૩૬૩ ઉપર પ્રસિદ્ધ થએલાં છે. અન્ય સ્થળે અન્ય લેખકો તરફથી પણ મુખલિંગો પ્રકાશમાં આવ્યાં છે.

ઉમરાળાનું પ્રસ્તુત મુખલિંગ મને વિશેષ પ્રાચીન લાગે છે. શ્રી વ્યાસ 'મસ્તક પર પાઘ' કહે છે તે જટાબંધ છે અને સંભવતઃ આ મુખલિંગ ક્ષત્રપકાલીન છે. ક્ષત્રપકાલીન શિલ્પો એના નાકના પ્રોફાઈલ ઉપરથી નક્કી થતા હોય છે. આ ફોટામાં નાક બાજુએથી દેખાતું નથી એટલે સ્પષ્ટ થઈ શકતું નથી.

આ મુખલિંગથી ઉમરાળા પણ અગત્યનું બની રહે છે. આમ આપણા ગુજરાતી સાહિત્યમાં તો ઉમરાળા એના વિવેચક સપુતોના કારણે જાણીતું છે જ, પણ આ અવશેષથી એનું પુરાતાત્ત્વિક મૂલ્ય પણ વધે છે. શ્રી વ્યાસે ઉમરાળાને 'ગોહિલોની જૂની રાજધાની' કહી તે બરાબર, પરંતુ ગોહિલો તો ઈ. સ.ની તેરમી સદીમાં સૌરાષ્ટ્રમાં આવ્યા અને લગભગ ઈ. ૧૪૩૦માં સારંગજી ગોહિલે તેને રાજધાની બનાવી. મુખલિંગ ને ઉમરાળા બંને આ સમયથી પ્રાચીન છે, એટલે આ પ્રદેશ પર જેની વ્યાપક તથા પ્રભાવક સત્તા હતી તે વલભીના મૈત્રકોનો વિચાર કરવો ઘટે. મૈત્રકોનાં તામ્રપત્રોમાં આને લગતાં ગામનામો મળે છે. જેમ કે ઈ. સ.ની સાતમી સદીનાં બે તામ્રપત્રોમાં 'ઉદુમ્બર ગહ્વર' નામ છે. વિદ્વાનોએ આ 'ઉદુમ્બર ગહ્વર'ને હાલના ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના 'ઉમરા' તરીકે ઘટાવ્યું છે. ઉમરાળા પણ આવા જ કોઈ ગામનામનો અપભ્રંશ થયેલો પર્યાય હોય. આપણાં મોટા ભાગનાં ગામનામો વનસ્પતિ ઉપરથી આવેલાં છે. આ બધું ધ્યાનમાં લઈ અનુમાન કરીએ તો 'ઉમરાળા'ના મૂળમાં 'ઉદુમ્બરાનક'ની કલ્પના થઈ શકે છે. 'ઉદુમ્બર' એટલે ઉમરો અને 'આનક' એટલે ગામ. 'ઉમરાઓના ઝાડવાળું ગામ' એટલે 'ઉદુમ્બરાનક' સમય જતાં ઉમરાણક–ઉમરાણા અને ઉમરાળા થયું હશે. ગામનામ અને મુખલિંગ બન્નેના સહારે ઉમરાળા છેલ્લાં દોઢ-બે હજાર વર્ષનું પ્રાચીન ગામ જણાય છે.

(પોરબંદર) — નરોત્તમ પલાણ

۷۸۶

كفىٰ بالموت واعظا

موت سے بڑھ کر کوئی نصیحت نہیں

— × — × — × —

(મોતથી મોટી કોઈ શિખામણ નથી.)

...આપે કૅલિગ્રાફી વિષે આપના અંકમાં (ઑક્ટો–નવે. અંકમાં) જે નમૂનાઓ પ્રસિદ્ધ કર્યા તે જોઈ દિલ ખુશ થઈ ગયું. એક કાતિબ તરીકે મનમાં ધન્યવાદ આપવાનો વિચાર આવ્યો. અને આ પત્ર ધન્યવાદ રૂપે માનશો. ઉપરોક્ત અરબી કથન ઉર્દૂ તથા ગુજરાતી ટ્રાન્સ્લેશન સાથે મેં લખ્યું છે. આ કથન હજરતઅલીની અંગૂઠી ઉપર કોતરેલું હતું. કિતાબત વિશે એક ગુજરાતી માસિકે પ્રકાશ પાડચો છે તે બદલ ફરીથી ધન્યવાદ.

(અમદાવાદ-૪) — એ. એ. પઠાણ

છેલ્લા અંકના પૂઠા પરના 'કુમાર'ના નામાક્ષરો તથા 'ખુશનવીસી અને તુગરા' એ શીર્ષકના અક્ષરોને અરબી મરોડમાં ઢાળીને આપે કમાલ કરી છે. આ લેખ સાથેના તુગરાના નમૂનાઓનું વૈવિધ્ય તથા લેખને ખયાલમાં રાખીને પૂઠા પર આપેલા મસ્જિદે જામીના ચિત્રની પસંદગી પણ પ્રશંસનીય છે. ધન્યવાદ... નામાક્ષરો અને શીર્ષકના મરોડ પણ લેખક શ્રી શશિકાન્ત જરદોસે * કરી મોકલ્યા હોય તો તેમને મારા અભિનંદન પાઠવવા વિનતિ. આપે સાચું કહ્યું છે, ગુજરાતી લિપિના મરોડમાં આવા વિષયાનુરૂપ પ્રયોગ ખરેખર ઉત્તેજનપાત્ર છે, પણ તેમાં અન્ય લિપિની લાક્ષણિકતાનો અભ્યાસ હોવો જરૂરી છે, તો જ તેને ખરો ન્યાય આપી શકાય.

(સૂરત) — જલાલુદ્દીન સચીદ

* અમને જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે આ લેખ અમને મોકલ્યા પછી લેખક સ્વર્ગવાસ પામ્યા છે. સ્વપ્રયત્નથી જ એમણે અરબી ભાષા ને તુગરાનો સારો અભ્યાસ કર્યો હતો. આ અંગે અગાઉ એમણે 'કુમાર'માં એક માર્ગદર્શક અને માહિતીપ્રદ લેખ આપ્યો હતો. અમારા પરના પ્રત્યેક પત્રમાં તેઓ પોતાના અરબી નામાક્ષરોનો એકએક નવો અને સુંદર તુગરા કરી મોકલતા. 'કુમાર'ના નામાક્ષરોમાં વિધવિધ મરોડની અજમાયશથી વાચકો પરિચિત છે જ. એ જ રીતે આ અંકમાં 'કુમાર'ના નામાક્ષરો અને લેખના શીર્ષકના ગુજરાતી અક્ષરોને અરબી મરોડ આપવાનો અમે પ્રયત્ન કર્યો છે. —સં.

એક ભમરો ભીતર કોરે / જયંત પાઠક

ગાન

એક ભમરો ભીતર કોરે
આલોલીલો વાંસ ન જાણે, વગડે ઊભો મ્હોરે!

કંઈ ઝીણા વાયરા વાય
કાયને કંઈ રોમાંચો થાય
રાતોરાત તડાતડ તાંબાવરણી કૂંપળ ફૉળે!

કંઈ ગુનગુન ગીતો ગાય
વેહમાં ભમરો ઊંડો જાય
આખેઆખું અંતર રસમય રટણાઓમાં ફોરે!

હવે વાંસ વાંસળી
છિદ્ર રણઝણતી ભ્રમરાવળી
પાન પાન કાનન છંટાતું સૂરની ઝીણી ઝંકોરે!

કાલિદાસની લેખિનીને / ભાનુપ્રસાદ પંડ્યા

શિખરિણી • સૉનેટ

કવિ જ્યારે લેતા કરમહીં તને, લેખણ! તદા
કહે, મ્હોરી રૂહેતા પ્રસૂન થઈને તે પ્રહર સો?

લખે છે સુંવાળા શુક-ઉદર જેવા કમળના
નિરાળા પત્રે હા, પ્રિય-વિરહિણી કણ્વદુહિતા
કહે, કેવા પત્રે કવિકુલગુરુપ્રાતિભ દ્યુત
રહેતા રેલાવી? અધિક ઘૂંટ લૈ સોમરસની
લખે ત્યારે તેં શું ધસમસી રહ્યા અશ્વની ગતિ
હતી અંગે અંગે અનુભવી? વળી સોડમ લીધી
ચવાતા મીઠા તાંબુલ રસની......
જવા દે. કહે ત્યારે......
થઈ રાજદ્વારે અદય અવહેલા ગૃહિણીની
તદા થોડી યે તું થથરી? ભભૂકી ત્ર્યંબક તહીં
પ્રજાળે સામીપ્યે કુસુમશરને – જોઈ સળગી?

દ્રવી કે આલેખી રતિ વિલપતી ને દુઃખભરી
નિરૂપી સામ્રાજ્ઞી નૃપતિ થકી નિર્દોષ અળગી?

પ્રીતિ / નલિન રાવળ

હૃદય ઊછળે પ્રીતિ છલોછલ, ચાંદની
હૃદય ઊછળે અંભોધિના, વ્હાલથી
ટુહૂરવ સરે પર્ણે પર્ણે, બાગથી
પવન પર થૈ સરકી આવે
સુરાવલી આળખે
સ્મરણપટમાં સ્મિતે ભીની નરી ખુશ્બુભરી
મૃદુલ મૂર્તિ
જેના નયનનભમાં ઊછળે પ્રીતિ
છલોછલ મ્હેકતી
છલોછલ –
અંભોધિને હૃદય ઊછળે ચાંદની સ્નેહભીની.

રણમાં / ઇન્દુકુમાર ત્રિવેદી

વસંતતિલકા

આ અસ્તવ્યસ્ત મુજ ચિત્ત વિચિત્ર કેવું!
જે આમતેમ રવડે રણ-વાયરા શું!
રે શુષ્ક રેત બસ રેતની સંગ રે'વું,
લાગે વિતાન પણ સાવ સ્મશાન જેવું.

ટીપું ય ના ટપકતું નભ-વાદળીનું,
ને દૂરથી નીરખ્યું જલ ઝાંઝવાનું,
ક્યાંયે મળે નહિ જરી અહીં કાંઈ ભીનું,
રે એકલા વિરહના રણમાં ઝૂરું હું.

ઘરડી માને... / રાજેશ વ્યાસ

સાવ સૂનકારમાં સભર જોવું,
ને અહર્નિશ ટગર ટગર જોવું!
કેટલી ઘરડી આંખની હિંમત?
સાવ ભાંગેલ ઘરને ઘર જોવું!



*

ગુજરાતના અગ્રગણ્ય પક્ષીવિદ્

ગઈ તારીખ ૨૨ સપ્ટેમ્બર '૮૪ના રોજ ભાવનગરના 'પક્ષીરાજ' પ્રદ્યુમ્નરાય દેસાઇનું અવસાન થતાં સ્વ. શ્રી હરિનારાયણ આચાર્ય જેવા સ્વયંસિદ્ધ વિદ્વાન અને પ્રકૃતિવિદ્ પછી આ બીજા પક્ષી-પ્રાણી-વિદ્દની ગુજરાતને ખોટ પડી છે. આમે ય પ્રકૃતિવિજ્ઞાનની આ શાખાના આપણે ત્યાં ગણ્યાગાંઠ્યા જ જાણકારો છે. એમાં આચાર્યસાહેબના અભ્યાસ અને જ્ઞાનની તુલનામાં તો એમના જેવી વિદ્યાવ્યાસંગી વ્યક્તિ શોધવી દુર્લભ છે. પરંતુ એમના પછી પક્ષી-પ્રાણીઓના અચ્છા અભ્યાસીઓમાં પ્રદ્યુમ્નભાઇનું સ્થાન આગલી હરોળમાં અને મોખરાનું રહ્યું છે એમ સહેજે કહી શકાય. અલબત્ત, આજે આ વિદ્યામાં રસ લેતો વર્ગ ઊભો થઇ રહ્યો છે, પણ તેણે હજી ઘણી મજલ કાપવાની બાકી છે.

પ્રદ્યુમ્નભાઇનો જન્મ ઇ. ૧૯૦૫ની ૫ ફેબ્રુઆરીએ થએલો. પિતા કંચનરાય ગિરજાશંકર દેસાઇના એ એક જ પુત્ર. પારણામાંથી જ એ વિવિધ પક્ષીઓ વચ્ચે ઊછરેલા, કારણ પિતા અને તેમના મોટાભાઇ મુકુન્દરાય પણ પક્ષીઓની પાછળ પાગલ હતા. નાના પ્રદ્યુમ્નને પિતા ભાવનગરના વિક્ટોરિયા પાર્કમાં સાથે લઇ જતા અને વિધવિધ પક્ષીઓના અવાજ અને એમની લાક્ષણિકતા ને ખાસિયતો વગેરેનો પ્રત્યક્ષ પરિચય કરાવતા. પ્રદ્યુમ્નભાઇએ આ વિષે લખ્યું છે: '...મને આ જ્ઞાન મારા સ્વ. પિતાશ્રીએ મારી બાળવયથી જ આપવાનું શરૂ કરેલું. અને લગભગ અઢાર વર્ષે સ્વ. શ્રી હસન ઉસ્તાદનો પરિચય થયો. તેઓ આપણે ત્યાં વસતાં દરેક પંખીના જાણકાર હતા. તેમાં પણ ગાયક પંખીઓની વન્ય દશામાં તેમજ બંધનાવસ્થામાં જે ખાસિયતો જોવા મળતી તેનું વર્ણન તેમની પાસેથી સાંભળવામાં રાત્રીનો કેટલો સમય પસાર થઇ જતો તેની મને કે મારા પિતાશ્રીને ખબર રહેતી નહિ.' આમ, પિતા અને પુત્રની પક્ષીઓ પાછળની દીવાનગી એમની નાગરી નાતમાં આ બંનેને 'અલગારી'ની કક્ષામાં મૂકી દેવા જેટલી તીવ્ર હતી.

આમ, વિક્ટોરિયા પાર્કમાં પંખીઓની પાછળ આથડતા પ્રદ્યુમ્નરાય એક દિવસ ભાવનગરના ત્યારના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીની નજરે ચડી ગયા. એમને પોતાને પણ પક્ષી-પ્રાણીઓમાં ઊંડો રસ હતો. મહારાજાએ આ અલગારી યુવાનના હીરની પરખ કરી લીધી અને એ. ડી. સી. તરીકે પ્રદ્યુમ્નભાઇને પોતાની પાસે રાખી લીધા. ૧૯૨૯ની એ સાલ. ત્યાર પછી લગભગ ૩૫ વર્ષ સુધી પ્રદ્યુમ્નભાઇ રાજની એ સેવામાં રહ્યા હતા. આ રાજ્યાશ્રયને કારણે મહારાજા સાથે અનેક વાર વનવગડામાં આથડવાનુ થતું અને તેથી પક્ષી-પ્રાણીઓના નિરીક્ષણો અને અનુભવોમાં વધારો થતો જઇ એમના આ વિષયના જ્ઞાનનો વ્યાપ વધતો જ ગયો. હસન ઉસ્તાદ પણ મહારાજાને માટે શિકારી પક્ષીઓ અને ચિત્તાને તાલીમ આપતા હતા. પ્રદ્યુમ્નભાઇએ એમની પાસેથી એ કળા પણ હસ્તગત કરી હતી. ત્યાર બાદ પ્રદ્યુમ્નભાઇ સાતેક વર્ષ સુધી ડૉ. વીરભદ્રસિંહજીની સેવામાં પણ રહેલા અને તે પછી ૧૯૭૩ના જૂન માસ બાદ તેમણે નિવૃત્તિ સ્વીકારી હતી.

સ્વ. કૃષ્ણકુમારસિંહજી સાથે એમનો સંબંધ ઘણો જ ઘનિષ્ઠ હતો. વર્ષો સુધી એમનું સવારનું ખાણું પણ મહારાજાની સાથે જ થતું, જે એ બંને વચ્ચેની આત્મીયતાનું સૂચક હતું. રાજપરિવાર સાથેના આવા સતત સંપર્કથી એમની ભાષા પણ રજવાડી અદબભરી બની ગઇ હતી. અને આ અદબભર્યા વેણુ એમને મળનાર સૌ કોઇના મનમાં આત્મીયતા જગાડનાર બની રહેતાં.

અમદાવાદનું પ્રાણીસંગ્રહાલય જેમણે જોયું છે એમણે અહીંનાં સફેદ હરણો અને એમની સારી એવી સંખ્યાની નોંધ પણ લીધી હશે. આવાં સફેદ પ્રાણીઓ બહુ જૂજ સંખ્યામાં મળે છે, અને અમદાવાદનું પ્રાણીસંગ્રહાલય આવાં પક્ષી-પ્રાણીઓના સંગ્રહ માટે વ્યાપક પ્રસિદ્ધિ ધરાવે છે. અહીંનાં આ સફેદ હરણો એ મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ ભેટ આપેલાં શ્વેત હરણોનાં વંશજ છે. જંગલમાંથી એમને જીવતાં પકડવાં અને દૂર મોકલવાની કામગીરી સરળ નથી. મહારાજાના કહેવાથી અમદાવાદને માટે એ હરણો પ્રદ્યુમ્નભાઈએ

* ફોટો • ભવભૂતિ પારાશર્ય - ઑગસ્ટ ૧૯૮૨

સ્વ. પ્રદ્યુમ્નરાય કંચનરાય દેસાઈ

—રૂબિન ડેવિડ—

જ તેમના સંગ્રહમાંથી પકડી આપ્યાં હતાં. બહુ જ ઓછા સમયમાં એમણે આ કાર્ય પાર પાડી આપ્યું હતું.

પંખી-પ્રાણીઓની ખાસિયતોની એમની જાણકારી બહુ જ ઊંડી હતી. રાજકોટના શ્રી દિલીપભાઈ માંકડે એનુ એક દૃષ્ટાંત નોંધ્યું છે. એક વખત મહારાજાએ આફ્રિકાથી એક આફ્રિકન ગ્રે પોપટ મંગાવેલો. પાંજરા બહાર કાઢતાં એ ઉગ્ર બની બચકાં ભરતો. મહારાજાની ઇચ્છા એને પોતાના ખભા પર બેસતો કરવાની હતી. અનેક ઉસ્તાદોએ એ માટે પ્રયત્નો કરી જોયા પણ તેમાં સફળતા મળી નહિ. અંતે આ કામ પ્રદ્યુમ્નભાઈને સોંપાયું, અને ત્રીજા જ દિવસે એમણે એ પોપટને શાંત પાડી મહારાજાના ખભા પર બેસાડી બતાવ્યો હતો.


આમ જ તેઓ તોફાની ઘોડાને પણ બહુ આસાનીથી કાબૂમાં લઈ શકતા. બંધનાવસ્થામાં જવલ્લે જ પ્રજનન કરતાં જંગબારી પોપટને પણ એમણે ઈંડાં મૂકતાં કરી એમનાં બચ્ચાં મેળવ્યાં હતાં. એ જ રીતે ઍક્વેરીઅમ—એટલે કે માછલી-પેટીમાં એમણે 'ઍંજલ' માછલીને પણ ઈંડાં મૂકતી કરી બતાવી હતી, જે તે સમયમાં લગભગ અસંભવિત જ મનાતું હતું.

અલબત્ત, એમના આ જ્ઞાનવિકાસમાં પિતા તરફથી એમને તેનો વારસો મળ્યો હતો અને હસન ઉસ્તાદે તેને વિસ્તાર્યો હતો, તથા ભાવનગર રાજ્યના પ્રકૃતિપ્રેમી રાજવીઓએ એમનાં જ્ઞાન અને આવડતને આશ્રય આપી પોષ્યાં એ ખરું, પરંતુ આ બધાંના મૂળમાં તો પક્ષી-પ્રાણીઓ પ્રત્યેનો એમનો પોતાનો પ્રેમ અને એમના અભ્યાસની લગન જ મુખ્ય ગણી શકાય. આને ખાતર તો એમણે સામાન્ય આર્થિક સ્થિતિને પણ સ્વીકારી લીધી હતી.

પોતાના આ જ્ઞાન—અનુભવો લખીને પણ એમણે એક બહુ મોટું કાર્ય કર્યું છે. અનેક સામયિકોમાં અવારનવાર લેખો લખીને એમણે આપણાં પક્ષીઓનો અચ્છો પરિચય કરાવ્યો છે. 'પંખી-મેળો' (બે ભાગ), 'પરિન્દા એ બોસ્તાં', 'કુદરતની કેડીએ' (બે ભાગ), શ્રેષ્ઠ શિકારકથાઓ' (ત્રણ ભાગ) એ એમનાં બહુ રસપ્રદ અને માહિતીસભર પુસ્તકો છે. છેલ્લે પ્રકટ થએલા એમના 'પંખી-જગત' પુસ્તકને ગુજરાત રાજ્ય સરકારે પુરસ્કૃત કરીને એની ગુણવત્તાની યોગ્ય કદર કરી છે. (આ અગાઉ પણ એમનાં પુસ્તકોને રાજ્ય સરકારના પુરસ્કાર મળ્યા હતા.) આ 'પંખી-જગત'માં પ્રદ્યુમ્નભાઇએ લગભગ ૪૩૧ જેટલા પક્ષીઓનો વિગતે પરિચય આપ્યો હોઈ પક્ષીપ્રેમીઓ માટે ગુજરાતી ભાષામાં આ વિષયનું એક બહુ ઉપયોગી પ્રકાશન બની રહેવાની ક્ષમતા ધરાવે છે. 'માછલીઘરની માવજત' એ પણ આ અંગેના શોખીનો માટે ઉપયોગી એવું એમનું માહિતીપ્રદ પ્રકાશન છે.*

પ્રદ્યુમ્નભાઈનુ અહીં આ રીતે સ્મરણ કરું છું ત્યારે થાય છે કે આવા અસાધારણ વ્યક્તિત્વ ધરાવતા અનેક વ્યક્તિવિશેષને પ્રોત્સાહન આપનારા રાજવીઓ ભાવનગરને મળ્યા એ એક ગૌરવ લેવા જેવી વાત છે. પ્રાણીશાસ્ત્ર અને પ્રકૃતિમાં ઓતપ્રોત થઈ ગએલા રાજવીઓમાં મને ખાસ સર્વશ્રી કૃષ્ણકુમારસિંહજી, ધર્મકુમારસિંહજી, નિર્ભયકુમારસિંહજી ઉપરાંત હાલના રાજવીઓ સર્વશ્રી વિરભદ્રસિંહજી, શિવભદ્રસિંહજી...આ સર્વ મહાનુભાવો સાથેના ઉષ્માભર્યા સંબંધો અને સમગ્ર પરિવાર સાથેની આત્મિયતા મેં અનુભવી છે. એ જ પ્રમાણે ભાવનગર વાઇલ્ડ લાઇફ કૉન્ઝર્વેશન સોસાએટીએ પણ ખૂબ જ પ્રગતિ કરી છે. ભાવનગરમાં આવી જાગૃતિ, ઉપરોક્ત પરિવાર અને સ્વ. પ્રદ્યુમ્ન દેસાઈ જેવા તપસ્વીઓનું પ્રદાન ઉલ્લેખનીય છે. સૌરાષ્ટ્રની ભૂમિમાં વન્ય-જીવન અને પ્રકૃતિક્ષેત્રે ખૂબ જ અભિનંદનીય કાર્યો થતાં રહ્યાં છે. ભાવનગર ઉપરાંત રાજકોટ તેમજ જામનગરમાં સર્વ શ્રી જામસાહેબ શત્રુશલ્યજીનો આ ક્ષેત્રે ખૂબ જ મોટો ફાળો છે. આ ઉપરાંત જસદણ રાજવી શ્રી શિવરાજકુમાર ખાચર પોતે પ્રકૃતિ-પ્રેમી છે અને જેઓએ હીંગોલગઢમાં અનેક વાઇલ્ડ લાઇફ શિક્ષણના કૅમ્પોની વ્યવસ્થા કરી છે. શ્રી લવકુમાર ખાચર તથા વાંસદા—ધરમપુરના રાજવી શ્રી દિગ્વિજયસિંહજીનો ફાળો પણ આ ક્ષેત્રે અપ્રતિમ છે.

આ પરંપરા અખંડ રહે અને ગુજરાતને સ્વ. હરિનારાયણ આચાર્ય તથા સ્વ. પ્રદ્યુમ્ન દેસાઈ જેવા 'પ્રકૃતિ'ને જીવન અર્પણ કરનારા મહાનુભાવો મળતા રહે એવી શ્રદ્ધા સાથે વિરમું છું. ☐



▷ સર્વશ્રી મહારાજા કૃષ્ણકુમારસિંહજી રૂબિન ડેવિડ અને પ્રદ્યુમ્નરાય દેસાઈ

* તેઓનાં આ પ્રકાશનો પણ સ્વાશ્રયી એવા પ્રકાશ સાહિત્ય ભંડાર, જવાહર ચોક, મણિનગર દ્વારા પ્રકાશિત થએલાં છે.

ઑપરેશન ચિત્ત(ત્ર)ચોર*

પુષ્કરભાઈ ગોકાણી

મહારાજ અર્જુનસિંહ વ્યગ્ર હતા. સવારની ફ્લાઈટમાં પ્લાંશેત જયપુર પહોંચ્યો નહોતો. લાંબા ઉડ્ડયનથી થાકીને કદાચ એ મુંબઈમાં રોકાઈ ગયો હોય. પણ માગશર મહિનામાં કદી નહિ થતા માવઠાએ આ વર્ષે પુષ્કળ પાણી વરસાવી ઉદયપુરની ટેલિફોન લાઈન ખોરવી નાખી હતી, અને એથી જ પ્લાંશેતના કંઈ ખબર નહિ મળતાં અર્જુનસિંહની વ્યગ્રતા વધી રહી હતી.

દેશી રાજ્યોના વિલીનીકરણ બાદ સાલિયાણાં પણ ખોઈ બેઠેલાં ઘણાં રજવાડાંના રાજા, કુંવરો અને ભાયાતોને પોતાની સંપત્તિ સાચવવા અને સહેલાઈથી વપરાઈ જતી મિંવી પર્સ ભરેલી રાખવા તથા સંપત્તિવેરા ને આવકવેરાની રકમો ભરવા માટે કંઇ ને કંઈ ધંધાઓ શોધવા પડ્યા હતા. આ માટે ઘણા રાજવીઓએ પોતાના ઋતુ-અનુકૂળ મહેલોમાંથી કેટલાકને વેચવા યા કુશાંદે હોટેલોમાં ફેરવવા માંડ્યા હતા. ઉદયપુરના એક નાતાદાર અર્જુનસિંહે પણ પિછોલા સરોવરની વચ્ચેના એક નાનકડા ટાપુ પરના એકમાત્ર વિશાળ રાજમહેલને ખરીદી લઇને તેનું હોટેલ 'જલદર્શન'માં રૂપાંતર કર્યું હતું. હાલમાં તેના દબદબાભર્યા ઉદ્‌ઘાટનની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. સભા, સેમિનાર કે બૅન્કવેટ માટે વાપરી શકાય તેવા 'જલદર્શન'-ના એક વિશાળ હૉલમાં આ પ્રસંગે એમણે જગવિખ્યાત ચિત્રોના એક પ્રદર્શન તથા તેમાંનાં કેટલાંકના વેચાણનું પણ આયોજન કર્યું હતું. દેશ અને વિદેશના ઉચ્ચ વર્ગના મહાનુભાવોનું આ રીતે જલદર્શન પ્રતિ ધ્યાન ખેંચવાની એમની નેમ હતી. આ પ્રદર્શન અને ચિત્રોની ખરીદી માટે દેશના તેમજ વિદેશના સંખ્યાબંધ કલારસિકો તથા સંગ્રાહકો જલદર્શનના ઉદ્‌ઘાટન-પ્રસંગે અવશ્ય હાજરી આપશે અને એ રીતે બહુ જ ઓછા સમયમાં પોતાની હોટેલ અતિ વ્યાપક પ્રસિદ્ધિ પામશે એવી અર્જુનસિંહને ખાતરી હતી. એમના બાળપણના મિત્ર અને ઝુરિખની વિખ્યાત હોટેલ 'બૅલેરિવ ઑ-લેઈક'ના માલિક વૉલ્ફગેન્ગ રેહ્ને આ પ્રદર્શનમાં મૂકવા માટે પોતાની હોટેલમાં રહેતા કાયમી પ્રદર્શન તથા પોતાના અંગત સંગ્રહમાંથી જગવિખ્યાત કલાકારોનાં અતિ દુર્લભ એવાં વિખ્યાત ચિત્રો મોકલવા કબૂલ્યું હતું. અને પ્લાંશેત એ અતિ મૂલ્યવાન ચિત્રો લઇને આવવાનો હતો.

એ ચિત્રોમાં પશ્ચિમના વાન ગૉઘ, મિલેટ, પોલ સેઝાં, ગીઓટો, માઇકેલ ઍન્જેલો, માસાસીઓ, વાન આઈક, પિકાસો વગેરે જેવા વિશ્વ-વિખ્યાત કલાકારોની દુર્લભ કૃતિઓ તો હતી જ. ઉપરાંત, ભારત બહાર ઊપડી ગએલાં બસૌલી, કાંગરા, પહાડી, મુગલ વગેરે શૈલીનાં લઘુચિત્રો, નેપાળના બાવન ઝરૂખાનાં તાંત્રિક ચિત્રો, ભુતાનના થાંકા, દક્ષિણની પાંડ્ય શૈલીનાં ચિત્રો તથા રાજપૂત કલમનાં રાગિણી-ચિત્રો વગેરેનો પણ સારો સમૂહ હતો. અને એ ઉપરાંત, રેહ્નના લખવા પ્રમાણે અર્જુનસિંહને માટે એક આશ્ચર્ય-ભેટ પણ હતી.

સ્વાભાવિક છે કે આવો અતિ મૂલ્યવાન કલાસંગ્રહ જાહેરમાં રજૂ થાય ત્યારે તેની સલામતીની પણ પૂરતી ચોકસાઈ રાખવી જ પડે. કલાકૃતિઓની ચોરીનો પણ એક આંતરરાષ્ટ્રીય અને વ્યાપક વ્યવસાય છે અને તેમાં લાખોની હેરફેર ચાલે છે. જલદર્શન માટે આવતા આ કિંમતી ખજાનાનો ઈન્ટર નૅશનલ ઈન્સ્યોરન્સ કંપનીએ વીમો ઉતાર્યો હતો, અને એ કંપનીનો પીટર જોન્સ ચિત્રોની સલામતીની વ્યવસ્થા જોવા-તપાસવા અને જરૂર લાગે તો તેને વધુ મજબૂત કરવા અગાઉથી અહીં આવી ગયો હતો.

હોટેલ જલદર્શન સ્વયં વિશાળ સરોવરની વચ્ચે એક નાના બેટ રૂપ હતી. મતલબ, હોટેલ સિવાય એ બેટ ઉપર બીજું કંઈ જ નહોતું. હોડી કે લૉંચ દ્વારા જ કિનારેથી હોટેલ સુધી અવરજવર થઈ શકતી હતી. વળી, હોટેલ અસલ તો એક રાજપ્રાસાદ હોઈ તેની અગાશી પરના એક બૂરજ ઉપરથી સરોવરમાં ચારે બાજુ દેખરેખ રાખી શકાય તેમ હતી. સુરક્ષાની દૃષ્ટિએ આ એક મોટું જમા પાસું હતું. અને મહારાજા અર્જુનસિંહે બીજી પણ ઠીકઠીક વ્યવસ્થા રાખી હતી, એટલે પીટરને ચિત્રોની સુરક્ષા અંગે બહુ ચિંતિત રહેવાની જરૂર દેખાતી નહોતી.

પણ હજી એ મૂલ્યવાન ચિત્રો જલદર્શનમાં પહોંચ્યાં નહોતાં. તે લઇને આવનાર પ્લાંશેતનો પણ કંઈ સંદેશો મળ્યો નહોતો. અલબત્ત, એ મુંબઈ તો આવી પહોંચ્યો જ હશે, પણ મુંબઈથી ઉદયપુર પહોંચવાનું બાકી હતું, અને એ દરમિયાનનું જોખમ પણ કંઈ કમ નહોતું. એવું કંઈ બનવાનો પૂરો સંભવ હોઈ મહારાજા વધુ વ્યગ્રતા અનુભવતા હતા. વળી, સવારે જ દિલ્હીથી આવેલા એક પત્રએ એમની ચિંતા વધારી દીધી હતી. મહારાજાને સંબોધીને તેમાં લખ્યું હતું :

'...હોટેલ જલદર્શનને વિખ્યાતી અપાવવામાં હું પણ આનંદપૂર્વક ભાગ લઈશ. આપે યોજેલા પ્રદર્શન માટે જે મૂલ્યવાન ચિત્રો આવી રહ્યાં છે તેમાંથી બે ઉઠાવી જઇને હું સનસનાટી મચાવી દઈશ. આમાંનું એક ચિત્ર તો ભારતમાંથી ચોરાઇને પરદેશ ગએલું છે. દેશપ્રેમીઓ માટે આ એક પડકાર છે. બીજું ચિત્ર હું એક સજા રૂપે ઉઠાવીશ, જેથી તેઓ ફરી વાર આવી ગુસ્તાખી કરતાં પહેલાં વિચારે. આપને પોતાને આમાં કશું નુકસાન નહિ થાય, કારણ ચિત્રોનો વીમો ઉતરાવેલો છે. વીમા કંપની આપણા પૂર્વ રાજકર્તાઓની-અંગ્રેજોની માલિકીની છે અને તેમાં અંગ્રેજ રાજકુટુંબ પણ હિસ્સો ધરાવે છે. આ રીતે અંગ્રેજોને પણ સબક આપવાનો મારો ઇરાદો છે. મારું આ પગલું 'જલદર્શન'ને પણ દુનિયાભરમાં ખ્યાત કરી દેશે તેની હું ખાતરી આપું છું. આપના મેજબાન મિ. પીટર જોન્સને પણ મારા સલામ.

— શર્વિલક'

પ્લાંશેતને લેવા માટે પોતાના મિત્ર અને ભૂતપૂર્વ સેનાપતિ સંગ્રામસિંહને મુંબઈ મોકલવામાં પોતે સારું જ કર્યું હતું તેમ અર્જુનસિંહને શર્વિલકનો પત્ર વાંચ્યા પછી લાગવા માંડ્યું. પીટર જોન્સને શર્વિલકના પત્રની જાણ કરવી કે નહિ તે તેઓ વિચારવા લાગ્યા હતા. જો પીટરને આ નવા ઊભા થએલા ભયની ખબર પડે તો એ વીમાનો દર અચૂક વધારી જ દે. આમે ય તેઓ પોતાની અંગત મૂડી, મિત્રો અને સંબંધીઓ પાસેથી લીધેલી રકમ તથા બૅન્ક પાસેથી લીધેલી લોન લગભગ ખર્ચાઈ ચૂકી હતી, એમાં વીમા કંપનીને વધારે રકમ આપવાની થાય એ એમને જચતું નહોતું. અલબત્ત, જલદર્શન કમાવા માંડે તો પછી પોતે કરેલું બધું દેવું તો બેએક વર્ષમાં ભરપાઈ થઈ જાય. અને ચિત્રો ચોરાય તો ભલે વીમા કંપની તેની રકમ પણ ચૂકવી દે,

* આરસિન લ્યુપિનની એક વાર્તામાંથી એક નાનોશો વિચાર લઈ તેની આસપાસ ગૂંથેલી આ મૌલિક કથામાં પાત્રો અને સ્થળો કાલ્પનિક હોઈ કોઈ પણ સ્થળ નામ કે જીવંત પાત્રો સાથેનું મળતાપણું કેવળ આકસ્મિક જ હશે. — લેખક

પરંતુ પોતાની તેમજ જલદર્શનની પ્રતિષ્ઠાને તો ધક્કો લાગે જ. પોતાના એક સંબંધી રણજિતસિંહને એમણે મુંબઇનો સંપર્ક સાધવા જયપુર પણ મોકલ્યો હતો. ત્યાંથી કંઈ ખબર આવે તો કંઈક ધરપત વળે અને માર્ગ નીકળે. દરમિયાન હાલ તુરત તો એમણે પીટરને શર્વિલકના પત્ર વિષે કંઈ ન જણાવવા વિચાર્યું. બીજી બાજુ શર્વિલકનો પત્ર મળતાં જ એમણે પોતાના પી એ. બિશ્વાસને એના વિષે તુરત તપાસ કરવા કહેલું. એમણે બિશ્વાસને બોલાવ્યો : 'પછી તપાસ કરી ? કોણ છે આ શર્વિલક?' એમણે પૂછ્યું.

'જી, મહારાજ ! એ એક આંતરરાષ્ટ્રીય ચોર છે. હાલ દિલ્હીની જેલમાં છે. મુંબઈના કાબેલ ડીવાય. એસ. પી. કાર્તિકની મદદથી એને પકડ્યો હતો. એ દિલ્હીની જેલમાં જ હોવાના ખબર મળ્યા છે, છતાં આપણે મૅનેજર શ્યામને જાતે શર્વિલકની મુલાકાત લેવા દિલ્હી મોકલીએ તો ? કદાચ આપણને ડરાવવા ખાતર જ કોઈ બીજાએ આ પત્ર લખ્યો હોય તેવું યે બને.

અર્જુનસિંહને બિશ્વાસનો પ્રસ્તાવ યોગ્ય લાગ્યો. બિશ્વાસે 'રાજસ્થાન ટાઈમ્સ'માં પોતે નિશાની કરેલી એક જાહેરાત બતાવતાં બીજા સમાચાર પણ આપ્યા : 'મહારાજ, સંયોગવશાત્ કાર્તિક ઉદયપુરમાં રજા ગાળવા આવ્યા હોવાના આ સમાચાર છે. આપ કહો તો વધારાની સલામતી માટે આપણે આ કાબેલ પોલીસ અફસરની સેવા ઉછીની લઇએ.'

'એમ ! તો પછી એમને તુરત જ મળો. કદાચ એમની રજા પૂરી થતાં એ ચાલ્યા જશે. એ 'હોટેલ ચેતક'માં ઊતર્યા છે એમ આ ટાઈમ્સમાં જણાવ્યું છે, તો હમણાં જ ત્યાં ફોન કરો.'

અને બિશ્વાસે તુરત ફોન જોડ્યો.

'મિ. ગોયેલ ! વિશ્વાસ હીયર. તમારે ત્યાં મુંબઈના ડીવાય એસ. પી. મિ. કાર્તિક ઊતર્યા છે ને ?...ટાઈમ્સમાં વાંચ્યું...ક્યારે જવાના છે?...મારે એમને મળવું છે...ના, ના. એમને રોકજો. હું હમણાં જ આવું છું.' અને પછી અર્જુનસિંહ તરફ ફરતાં કહ્યું, 'મહારાજ, મિ. કાર્તિક ફૅમિલી સાથે આવ્યા છે. પણ લોકોને જાણ ન થાય એટલા સારુ સરકીટ હાઉસમાં ન રહેતાં મિ. નકુલના નામે 'ચેતક'માં રહ્યા છે અને મિ. ગોયેલને પણ કોઇ પોતાની મુલાકાતે ન આવે તે માટે ખાસ સૂચના આપી છે. હું હમણાં જ ત્યાં જઉં છું. એમને મનાવી લઈશ.'

બિશ્વાસ નામનું કોઈ પોતાને મળવા આવ્યાનું જાણી કાર્તિક મિ. ગોયેલ પર બહુ નારાજ થઇ ગયા. પોતાની ઉદયપુરની મુલાકાત ગુપ્ત રાખી હોવા છતાં રાજસ્થાન ટાઇમ્સમાં તેના ખબર છપાયા એ અંગે તેને ગુસ્સો ચડ્યો હતો.

'મિ. કાર્તિક,' વિશ્વાસે એને શાંત પાડતાં કહ્યું, છાપામાં હવે આવી જ ગયું છે એટલે એ અંગે પછી જે કરવું હોય તે કરજો, પરંતુ હાલ તો મારી સાથે આપ જલદર્શનમાં આવો અને ત્યાં જ હોટેલના ગેસ્ટ તરીકે રહો એવી મહારાજ અર્જુનસિંહની વિનંતી છે. ત્યાં આપને કોઈ શોધી શકશે નહિ. હોટેલની ગાડીમાં જ આપ પછી ચિતોડ વગેરે સ્થળે ફરી શકશો, માત્ર પરમ દિવસે જલદર્શનના ઉદ્ઘાટન પ્રસંગે આપ ત્યાં હાજરી આપો એવી અમારી વિનંતી છે.' આટલું કહી બિશ્વાસે મિ. ગોયેલને સોફ્ટ ડ્રિંક્સ મોકલવા કહ્યું. ગોયેલ સમજી ગયા કે વિશ્વાસને કાર્તિક સાથે કંઈ ખાનગી વાત કરવાની છે.

'પરમ દિવસે તો મારે મુંબઈ જવાનું છે.' કાર્તિકે કહ્યું. એટલે હું અહીં ચેતકમાં જ ઠીક છું. નાથદ્વારા, કાંકરોલી, એકલિંગજી વગેરે જઈ આવ્યાં. આપનું ઉદયપુર પણ માણ્યું. અહીંથી ઇંદોર 'બડાગણેશ'નાં દર્શન કરવા પૂરતાં ત્યાં રોકાતાં જઈશું, અને એ પણ મારાં પત્નીનો ખાસ આગ્રહ છે માટે જ. જલદર્શનમાં રહેવાના આપના આમંત્રણ બદલ આભારી છું. મહારાજ અર્જુનસિંહને મારા સલામ સાથે જણાવજો કે ઉદ્ઘાટન વખતે હાજર નહિ રહી શકવા બદલ મને માફ કરે.'

'મિ. કાર્તિક.' વિશ્વાસે કહ્યું, 'હકીકતે એ પ્રસંગે અમને આપની ખાસ જરૂર છે. આ ઉદ્ઘાટનની સાથે અમે દુનિયાભરમાં વિખ્યાત એવાં કેટલાંક પેઇન્ટિંગ્સના પ્રદર્શનનું આયોજન કર્યું છે. અમુક ચિત્રોનું વેચાણ પણ થવાનું છે. આ માટે દેશપરદેશના અનેક કલાપ્રેમીઓ પણ આવવાના છે. આ કારણે અત્યારે હોટેલ પણ લગભગ પૂરેપૂરી બુક થઈ ગઈ છે. આ ચિત્રો અતિ મૂલ્યવાન હોઈ એ ચોરાવાનો પણ પ્રયત્ન થવાનો સંભવ છે. અમે સલામતી માટે વ્યવસ્થા તો કરી જ છે, પરંતુ ઉદ્ઘાટન પ્રસંગે જ આમાંનાં બે ચિત્રો ઉઠાવી જવાનો જાસો દિલ્હીના કોઈ શર્વિલક...'

'શર્વિલક !' કાર્તિક એ નામ સાંભળતાં જ ઉત્તેજિત થઈ જઈ બોલી ઊઠ્યા. 'એ તો દિલ્હીની જેલમાં છે. અહીં ક્યાંથી આવી શકે?'

'હા જી, અમે દિલ્હી પુછાવી જોયું છે અને એ જેલમાં જ છે તેમ જાણવા મળ્યું છે છતાં અમારા મૅનજરને જેલમાં તેની જાતે મુલાકાત લઇ પાકી ખાતરી કરવા દિલ્હી પણ મોકલવાના છીએ. પણ શર્વિલક વિષે અમને જે કંઈ જાણવા મળ્યું છે એ પ્રમાણે એ ધાર્યું નિશાન પાડવામાં મહા ઉસ્તાદ છે. ન જાણે એણે શી યુક્તિ વિચારી હશે...'

'જો આમાં શર્વિલક જ સંડોવાયો હોય તો મને તેમાં રસ પડશે.'

'થૅન્ક યૂ. આપ મારી સાથે જ ચાલો. અહીંનું બિલ ચુકવાઈ ગયું છે.'

'મિ. બિશ્વાસ, આપે તો જબરદસ્તી કરવા માંડી. જુઓ આપની વિનંતી હું એટલા ખાતર જ સ્વીકારું છું કે મને શર્વિલકને શેહ આપવાનું ગમશે. પણ તે યે મારી રીતે જ. અને અમે અહીં ચેતકમાં જ રહીશું. મારી સાથે મારાં મા અને મારાં પત્ની છે. માને યાત્રા કરાવવા જ અમે નીકળ્યાં હતાં. એ બહુ ચુસ્ત વિચારના છે. જલદર્શન જેવી મોટી હોટેલમાં એમને નહિ ફાવે. એટલે અહીં જ રહેવું વધુ અનુકૂળ છે.' પછી એકાએક યાદ આવતાં કાર્તિકે કહ્યું, 'મારે મુંબઈ કૉલ પણ કરવો પડશે પણ અહીંની આ ટ્રંકકૉલની લાઈન બગડી છે.'

'એની આપ ચિંતા ન કરો. અમે પણ મુંબઈ કૉન્ટેક્ટ કરવા ક્યારના મથીએ છીએ.' બિશ્વાસે કહ્યું, 'પણ આપને માટે અહીંના પોલીસ ખાતા દ્વારા કદાચ વ્યવસ્થા થઈ શકે. અહીંની વાયરલેસ દ્વારા તેઓ કંઈક કરી શકશે.' અને પછી ઉમેર્યું, 'અમે આપની સેવા ઉછીની લેવા ઇચ્છીએ છીએ આ માટે અમે મુંબઈમાં શ્રી આલોક સાહેબને વિનંતી કરીશું. આપનું અહીંનું રોકાણ ઑન ડ્યુટી ગણાશે, અને આપની રજા ગણાશે નહિ. વળી, મહારાજ સાહેબ પણ કદરદાન માલિક છે...'

'એ લાલચ મને ન આપશો, મિ. બિશ્વાસ.' કાર્તિક તુરત બોલ્યો, 'સરકાર મને જે કંઈ આપે છે એનો મને પૂરો સંતોષ છે. ચાલો, હું આપની સાથે આવું છું. આપે ગોઠવેલી સલામતી-વ્યવસ્થા સમજી લઉં. અને હા, ચિત્રોનો વીમો તો ઉતરાવ્યો છે ને ?'

'હાજી, આવાં મૂલ્યવાન અને દુર્લભ ચિત્રો માટે એટલી આગમચેતી તો રાખવી જ પડે. પરંતુ એ તો એના આર્થિક પાસાની વાત થઈ. આમાંનું એકાદ ચિત્ર ચોરાઈ જાય તો તેની કિંમત તો મળે, પણ જલદર્શન બદનામ થઇ જાય. અમને એની જ વિશેષ ચિંતા છે. અને મુંબઈથી હજી નથી આવ્યાં ચિત્રો કે નથી ત્યાંના કંઇ ખબર. પરમદિવસે સાંજે તો હોટેલનું ઉદ્ઘાટન છે, એ પહેલાં તો આ ચિત્રો તેનાં સ્થાને ગોઠવાઈ જવાં જોઈએ. એમાં પાછા આ શર્વિલકના પત્રે નવી ઉપાધી વધારી. ઉદ્ઘાટન પ્રસંગે રાજસ્થાની કથક, ઘુમ્મર ને ઘડૂલો

જેવાં નૃત્યો, સંજય ભાટના કઠપૂતળીના ખેલ, ભારતનાટ્યમ્ ને કુચીપુડી નૃત્યો વગેરે કાર્યક્રમોની ગોઠવણ પણ થઈ ગઈ છે. દિલ્હી, જયપુર વગેરે સ્થળેથી કેટલાક ડિગ્નિટરીઝ પણ આવશે. અનેક પરદેશીઓ પણ આવવાના છે. આમ, આ એક-બે દિવસમાં તો બહુ મોટો જમેલો જલદર્શનમાં એકઠો થઇ જશે. જો કે આવનાર દરેકને માટે મહારાજની પોતાની સહીવાળા પાસની અમે ગોઠવણ તો કરી જ છે, છતાં કઈ ઘડીએ શું બને તે કહી શકાય નહિ...'

'અલબત્ત, આપે તકેદારીની પૂરતી વ્યવસ્થા તો કરી જ હશે. ચાલો આપણે હમણાં જ નીકળીએ. હું એ બધી વ્યવસ્થા સમજી લઉં.'

કાર્તિકે જલદર્શન પર આવવા જવા માટેની પાંચ લૉંચની વ્યવસ્થા નિહાળી લીધી. જરૂર પડ્યે ખાસ પોતાને માટે એક લૉંચ તૈયાર રાખવા સુચના આપી. પાંચેય લૉંચના માણસોનો પરિચય કરી લીધો. દરેક લૉંચમાં 'વૉકીટૉકી'ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. તેને માટે યોજેલા સંકેતો પણ સમજી લીધા.

દરમિયાન પ્લાંશેત અને સંગ્રામસિંહ પણ આવી ગયા. વિલંબનું કારણ જણાવતાં પ્લાંશેતે કહ્યું કે, 'પારીસથી ઊપડ્યા પછી કાઇરોમાં એક કલાકનો હૉલ્ટ હતો. ત્યાં અમની સાથેના એક જણનું ટૉઇલેટમાં ખૂન થતાં પ્લૅનને રોકાઈ રહેવું પડ્યું. જરૂરી કારવાઈ પૂરી થયા પછી બીજે દિવસે બપોરે તે લોકો ત્યાંથી નીકળી શક્યા. મુંબઈમાં સંગ્રામસિંહ આવી ગયા હતા અને એમણે બધી વ્યવસ્થા કરી રાખેલી એટલે તુરત ત્યાંથી ઊપડી હવે આપની સેવામાં હાજર છું. બધાં ચિત્રો આવી ગયાં છે. આપ સંભાળી લો અને મને પહોંચ આપો એટલે મારા માથા પરનો બોજ ઊતરે. જો કે મોડું થવાને કારણે આપે રાતે પણ કામ કરવું પડશે. પણ અમે અગાઉ દરેક ચિત્રનાં માપ વગેરે આપને મોકલી આપેલાં એટલે એમને ક્યાં ગોઠવવાં એ અંગે તો કદાચ આપે વિચારી લઈ વ્યવસ્થા કરી રાખી હશે એમ માનું છું. આમાં મારી જરૂર કદાચ નહિ પડે. હવે જો આપ રજા આપો તો હું થોડો આરામ કરું.'

'ચિત્રો વાનમાંથી ઊતરી ગયાં છે. અમારા માણસો લિસ્ટ સાથે મેળવી લે એટલે આપને ડિલિવરી મેમો આપી દઈએ.' બિશ્વાસે કહ્યું, 'પણ કાઈરોમાં કોનું ખૂન થયુ અને શા માટે થયું તે કંઇ જાણી શકાયુ?'

'વિશેષ તો કંઈ ખબર નથી. એ માણસ પ્લેનમાં અમારી સાથે જ હતો. કોઈએ એના ચહેરા પર સારી પેઠે ઍસિડ છાંટેલો. મારા જેવડો જ હતો. એનો બાંધો પણ મારા જેવો જ હતો. મને તો ડર લાગ્યો કે કોઈ મારી પાછળ તો નહિ હોય? કારણ મારી સાથે આ ચિત્રોનું મોટું જોખમ હતું. પણ વીમા કંપનીએ મને ઘણો સહકાર આપ્યો. ટી. ડબલ્યુ. એ.માંથી તાત્કાલીક યુ. એ. આર.ના પ્લૅનમાં કારગો ફેરવવાનું કામ બહુ અટપટું હતું; પણ તેમણે તે પાર પાડી આપ્યું અને અમારી પૂછતાછ પૂરી થતાં તુરત અમને કાઇરોથી રવાના કરી દીધા. અહીં ઉદ્‌ઘાટન પહેલાં વખતસર ન પહોંચાય તો શું થાય તેનું મને ભારે ટેન્શન હતું. ઝુરીખ કૉલ કરીને કાઇરોથી અમારી રવાનગીની જાણ પણ કરી દીધી. મુંબઈથી આપનો સંપર્ક થઈ શકતો જ નહોતો. પણ આપે સંગ્રામસિંહને મુંબઈ મોકલ્યા હતા એથી મને ઘણી રાહત રહી. ખેર, ઑલ ઈઝ વેલ ધેટ એન્ડ્સ વેલ!'

દરમિયાન, ચિત્રો બરાબર મેળવી લીધાંની ખબર આવી ગઈ. આ બધાં ચિત્રોને બરાબર ચકાસી લેવા માટે અર્જુનસિંહે એક વિખ્યાત કલાપારખુ નર્દોને ખાસ બોલાવ્યો હતો. રેહ્ન પણ નર્દોને જાણતો હતો. ચિત્રોની અસલિયત પહેચાનવામાં નર્દો નિષ્ણાત હતો. એટલું જ નહિ ચિત્રકળાની ઊંડી સમજ પણ એને હતી, અને ભારતીય લઘુચિત્રોનો તો એ આશિક હતો. ડિલિવરી-મેમો પર સહી કરતાં મહારાજે પ્લાંશેતને પૂછ્યું : 'અમારા મિત્ર રેહ્ને અમારા માટે એક આશ્ચર્યભેટ પણ મોકલી હોવાનું જણાવ્યું છે, એ શું છે?'

'મહારાજ, એ છે નિહાલચંદની રાધા. સન ૧૭૭ નું કિશનગઢ શૈલીનું વિખ્યાત ચિત્ર. રેહ્નનું કહેવું છે કે એમણે આ જે ચિત્ર મોકલ્યું છે એ અસલ કૃતિ છે. આપે આ પ્રદર્શન માટે કિશનગઢના મ્યૂઝિયમમાંથી આ રાધાનું ચિત્ર મંગાવ્યું છે એ અસલ નથી. આપ હૉલમાં પધારો અને જાતે જ એ બંને ચિત્રો જુઓ.'

અર્જુનસિંહ હૉલમાં ગયા ત્યારે ત્યાં ચિત્રો ગોઠવી રહેલા નર્દોને પણ ગૂંચવાએલો જોયો. રેહ્ને મોકલાવેલાં અને કિશનગઢથી આણેલાં એમ રાધાનાં એક જ સરખાં બે ચિત્રો જોઈ તેમાંનું અસલ કયું અને નકલ કયું તે અંગે એના મનમાં પણ ગડમથલ ચાલતી હતી. પોતાના ફોટોગ્રાફરને બોલાવી મહારાજે એ બે ચિત્રોની વચ્ચે ઊભા રહી ફોટો પણ પડાવ્યો. જેની અસલિયત નક્કી કરવામાં જો નર્દો જેવો કલાપારખુ પણ મૂંઝાય તો અહીં આવનાર કલાચાહકોમાં પણ અજબ ઉત્તેજના પ્રસરી જશે. ઉદ્‌ઘાટનને દિવસે સવારે અખબારોમાં પણ આ અંગે છપાય એ માટે એમણે પત્રકારોને પણ આ મુદ્દો જણાવવાનું મનોમન વિચારી લીધું. આથી જે સનસનાટી મચી જાય એથી હોટલ જલદર્શનને પણ સારી એવી પબ્લિસિટી મળે એની એમને ખાતરી હતી, અને એ એમની નેમ પણ હતી. ઉદ્‌ઘાટન બાદ કેટલાંક ચિત્રોના વેચાણનો કાર્યક્રમ હતો. એ ચિત્રો વેચાઈ ગયા બાદ પણ પંદર દિવસ સુધી તો પ્રદર્શનમાં જ રહેવાનાં હતાં, જેથી લોકો એ જોઈ-માણી શકે. રાધાના ચિત્રની સનસનાટી બીજા પણ ઘણા કલારસિકો અને કલાપારખુઓને આકર્ષી શકે તેમ હતું. પરદેશમાં પણ આ સમાચાર ફેલાશે જ, અને સરવાળે ભારત ખાસ્સું હૂંડિયામણ કમાશે. અર્જુનસિંહ આવા વિચારોમાં રાચી રહ્યા હતા ત્યાં કાર્તિક આવી ચડ્યો. અહીં શી ચર્ચા ચાલી રહી હતી તે જાણતાં જ એણે કહ્યું :

'મહારાજ, આ બે ચિત્રોમાંથી પરદેશથી આવેલું ચિત્ર જો અસલી હોય તો આપે તુરત જ દિલ્હી પોલીસની સ્પેશીઅલ બ્રાંચને જાણ કરવી જોઇએ. વિદેશ પહોંચેલી અસલ કૃતિ ચોરાઇને જ ગઈ હોય, એટલે એ અંગે તુરત સરકાર પગલાં લેશે જ. સરકારે સી. આઈ. બી.ને આવી ચોરી અટકાવવા તથા પકડવા માટે ખાસ કામ સોંપેલું છે. એટલે આપણે જો તેમને અસલ કૃતિ ભારતમાં આવ્યાની જાણ ન કરીએ તો એ એક ગુનો ગણાશે.'

'પણ એમ કરતાં તો સરકાર આ બંને ચિત્રો જપ્ત કરી લે. પછી મારે રેહ્નને શો જવાબ આપવો?' અર્જુનસિંહને તો હવે વર્તમાનપત્રોમાં આ ચિત્રોની જાહેરાત કરવામાં પણ ડર લાગવા માંડ્યો. હોટેલને પ્રસિદ્ધિ આપવાની એક તક સરી જતી લાગી.

'આ ચિત્ર અહીં મોકલતી વેળા રેહ્ને એ માટે પણ વિચાર્યું જ હશે.' નર્દોએ કહ્યું, 'આ હોટેલના ઉદ્‌ઘાટન-પ્રસંગના અને પ્રદર્શનના ફોટો અને વિગતો અખબારોમાં પણ આવશે જ એટલું તો રેહ્નના ખયાલમાં હોય જ. ભારતની કલાકૃતિ અહીં જ રહેવી જોઇએ એવું તો હું પણ માનું છું. આપ આ યુવાન અફસર કહે છે તેમ કરો એ યોગ્ય છે એમ મને લાગે છે'

'મિ. નર્દો સાચું કહે છે.' સંગ્રામસિંહે પણ કહ્યું, 'શ્યામ દિલ્હી જાય છે, તેને આ કામ પણ સોંપીએ. આપણે આ બંને ચિત્રો પ્રદર્શન દરમિયાન, અહીં જ રાખવા માટે સરકારની પરવાનગી માગીએ. દરમિયાન, આ પ્રસંગે કલકત્તાથી ડૉ. ચંદ્રને પણ આપણે આમંત્રણ આપેલું છે અને તેઓ હાલ અહીં હોટેલમાં જ છે. તેઓ પણ દેશના એક વિખ્યાત કલામર્મજ્ઞ હોઈ આપણે એમનો પણ આ ચિત્ર વિષે અભિપ્રાય લઈશું.' 'ઠીક છે.' મહારાજ બોલ્યા, 'તો બિશ્વાસ, આપણે મિ. કાર્તિક કહે છે તેમ એક પત્ર દિલ્હી મોકલીને સરકારની પરવાનગી મેળવો. સવારે જયપુરથી ડી. આઈ. જી. ભંડારી આવી જવાના છે. તેમની સાથે પણ હું વાત કરી લઈશ.'

અને મહારાજ પોતાના અંગત સ્વીટમાં આરામ લેવા ગયા. (ચાલુ)

અવકાશમાં બીજે ક્યાંય ગ્રહો છે?

— છોટુભાઈ સુથાર —

શસ્ય શ્યામલા પૃથ્વી સૂર્યમંડળનો એક ગ્રહ છે. પૃથ્વી ઉપરાંત બીજા આઠ ગ્રહો, કેટલાક લઘુગ્રહો અને અસંખ્ય ધૂમકેતુઓ સૂર્યની પરિક્રમા કરે છે. અવકાશમાં અનેક તારા આવેલા છે જે પૈકીના કેટલાક સૂર્ય જેવા પણ છે. આવા તારાઓને પૃથ્વી જેવા યા તેનાથી નાના મોટા ગ્રહો હશે ખરા ?

પ્લુટો આપણા સૌર-પરિવારનો સૌથી દૂરનો ગ્રહ છે. પૃથ્વીની સરખામણીમાં તે નાનો ગ્રહ છે અને તેને નરી આંખે જોવો અશક્ય છે. એને જોવા માટે શક્તિશાળી દૂરબીનની જરૂર પડે છે. સૂર્યના ગ્રહ-સમૂહની હદ પ્લુટો સુધીની ગણાય, પણ એની ગુરુત્વાકર્ષણીય હદ પ્લુટોથી ઘણે દૂર સુધી પહોંચે છે. સૂર્ય-પ્લુટો દુરત્વના ત્રણેક હજાર ગણા અંતરે લાખેકની સંખ્યામાં આવેલા ધૂમકેતુઓ સુધી એની આણ પ્રવર્તે છે. આ ધૂમકેતુઓને શક્તિશાળી દૂરબીન વડે જોવા મુશ્કેલ છે. અવકાશના તારા એમનાથી પણ વધુ દૂર છે. આ દૃષ્ટિએ કોઈ તારાને પ્લુટો કે પૃથ્વી જેવા ગ્રહ કે હેલી જેવા ધૂમકેતુ હોય તો તેમને દૂરબીન વડે જોવા શક્ય નથી.

આપણી પાસેમાં પાસેનો તારો 'સમીપ નરાશ્વ' ('જય') છે. જયનું આપણાથી અંતર પોણા ત્રણલાખ આકાશી એકમ(સૂર્યથી પૃથ્વી સુધીનું અંતર) છે. ખગોળની ભાષામાં એ અંતર સવાચાર પ્રકાશ વર્ષનું ગણાય છે. આકાશના બીજા તારા જય કરતાં પણ વધુ દૂર આવેલા છે. દૂરબીન-માંથી જોતાં આ તારા કેવળ અતિ ચમકતાં પ્રકાશબિંદુઓ જેવાં દેખાય છે. આ જ્યોતિઓની આસપાસ ફરનારા મોટા યા વિરાટ ગ્રહો હોવાનું માની લઇએ તો પણ તેમને દૂરબીનની રીતે જોવા શક્ય નથી. ગ્રહોને પોતાનું તેજ હોતું નથી. તેઓ એમના સૂર્યના તેજે પ્રકાશે છે. ગ્રહોએ પરાવર્તિત કરેલું તેજ એમના તારાના તેજમાં ધોવાઈ જવાનું અને તેના પરિણામે ગ્રહોનું અલગ અસ્તિત્વ ભાગ્યે જ જાણી શકાવાનું.

સૂર્યની કોટિના તારાઓ પૈકી કેટલાક તારાઓને પરિવાર હોવાનું માનીએ તો એ પરિવાર સૂર્યમંડળ જેવા યા નીચેના પૈકી કોઈ એક સ્વરૂપનો સંભવી શકે છે: (૧) તારાની નજદીકના ગ્રહો ખૂબ મોટા હોય અને દૂરના સાવ નાના, (૨) કેટલાક તારાઓને પૃથ્વી જેવા પણ ગ્રહો ન હોય પરંતુ તેને બદલે અસંખ્ય લઘુગ્રહો અને ધૂમકેતુઓ હોય. દળ (Mass) અને કદના પ્રકાર-ભેદે વળી એમ પણ બને કે જુદાજુદા તારા-ઓના ગ્રહોનાં બંધારણ વિભિન્ન પ્રકારનાં હોય.

ગ્રહીય પરિસ્થિતિ ગમે તે પ્રકારની હોય, મોટા દ્રવ્યસંચયવાળો ગ્રહ એક બાબતે પોતાના અસ્તિત્વનો અણસાર આપી શકે છે. એ બાબત છે તારા પરનું ગ્રહનું ગુરુત્વીય આકર્ષણ. તારાની પરક્મ્મા કરતાં ગ્રહ, સ્વાભાવિકપણે, તેની કક્ષાના એક છેડે, તારા તરફ વધુ ખેંચ-યેલો રહેશે તો તેના સામેના છેડે ઓછો ખેંચાયેલો. પરિણામે તારાની આકાશી યાત્રામાં ડોલન પેદા થશે. ગ્રહ દેખાતો ન હોય તો પણ ઉક્ત પ્રકારનું તારાપથનું કમ્પન ગ્રહના અસ્તિત્વનો ખયાલ આપી શકે છે. અલબત્ત, ગ્રહદળ પૃથ્વી જેટલું હશે તો તારાની ગતિમાં પડતા વિક્ષો-ભની આ પદ્ધતિ કારગર નીવડશે નહિ. ગુરુ યા તેથી મોટી દ્રવ્ય-સંપત્તિવાળા ગ્રહ સંબંધમાં જ તે ઉપયોગી નીવડે છે.

ગુરુત્વીય વિક્ષોભ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતાં દૂરબીનનો ઉપયોગ સામાન્ય દૃશ્ય પ્રકાશમાં થાય છે. પણ એને બદલે દૂરબીનનો ઉપયોગ ઈન્ફ્રારેડ પ્રકાશમાં આવે તો આકાશનું સ્વરૂપ-દર્શન પલટાઈ જાય છે. તારાની આજુબાજુ ફરનારા ગ્રહો, લઘુગ્રહો, ધૂમકેતુઓ યા નાનામોટા પદાર્થકણો તારામાંથી તેમને પ્રાપ્ત થતી ઈન્ફ્રારેડ ઊર્જાનું વિકિરણ કરતા જણાઈ આવશે, અને એ રીતે તારાને પરિવાર હોવાનો અણસાર મેળવવો શક્ય બનશે.


ગઈ સાલની જ વાત લઇએ. ૧૯૮૩ના એ વર્ષ દરમિયાન રૉકેટ ખગોળ વેધશાળા IRAS પૃથ્વીની આજુબાજુ ચક્કર લગાવી રહી હતી. એને સોંપાયેલી કામગીરી આકાશમાંથી આપણા સુધી પહોંચતાં ઈન્ફ્રારેડ વિકિરણોની ચકાસણી કરવાની હતી. બન્યું એવું કે આકાશનું સર્વેક્ષણ કરતી વેળા 'વીણા'મંડળમાં આવેલા અભિજિત(Vega – એ Lyra – વીણા તારામંડળનો મુખ્ય તારો છે.) તારાની આજુબાજુ ઈન્ફ્રારેડ પ્રકાશનું વિકિરણ દાખવતા વિસ્તૃત સ્રોતની ભાળ મળી. અભિજિત આપણાથી ૨૬ પ્રકાશવર્ષ દૂર આવેલો નીલો તારો છે. આપણા સૂર્યના હિસાબે તે યુવા તારો છે. વળી તેનો દ્રવ્યરાશિ સૂર્યના દ્રવ્યમાન કરતાં ત્રણ ગણો જ છે. ખગોળની દૃષ્ટિએ આવા યુવા વામન તારાને ગ્રહો હોવાનું સંભવી શકે છે.

ઉપર્યુક્ત સંદર્ભના પરિણામે અભિજિતની આજુબાજુના દ્રવ્યનું વિશેષ પરીક્ષણ શરૂ થયું ત્યારે માલૂમ પડયું કે ઉક્ત તારાની આજુ-બાજુના વાદળમાં નાના કણોથી માંડી લઘુગ્રહો જેવડા દ્રવ્યખંડોનો વિરાટ જમાવ છે. આ પ્રકારના વાદળનો અસ્તિત્વ-ભેદ સમજાવો હજી બાકી છે. પણ ખગોળજ્ઞો એવું માનતા થયા છે કે અભિજિતની આજુ-





◁ વૃષભ તારામંડળમાં HL Tauri નામના તારાની આજુબાજુનો કણ-યુક્ત વાદળ-વિસ્તાર. આ કણો રેતી અને બરફના છે. માત્ર એક લાખ વર્ષનો આ યુવા તારા (દર્શાવેલા પિંડમાં જમણી તરફના પિંડ)નો દ્રવ્યસંચય સૂર્યના દળ જેટલો છે. (ડાબી બાજુ: એક શૃંગ તારામંડળના R-Monocerotis તારાની આસપાસનો વાયવીય-વાદળ વિસ્તાર. આ બંને તારાઓના ગ્રહો રચાઇ રહ્યાની શક્યતા છે.



દક્ષિણ આકાશમાં અગસ્ત્ય (Canopus) તારાની બાજુમાં Pictor (ચિત્રકાર) નામનું એક નાનું તારામંડળ છે. મૃગ (Orion) તારામંડળની દક્ષિણે અનુક્રમે શશક (Lepus), કપોત (Columba) પછી નૌતલ (Carina)માં અગસ્ત્ય અને પછી આ ચિત્રકાર (Pictor) તારા મંડળ છે. તેમાંનો એક તારો તે બિટા પિક્ટોરિસ (Beta Pictoris). આપણા સૂર્યથી તે ૨૯૩૦૦૦૦ કરોડ માઇલ દૂર છે. અમેરિકાના બ્રેડફૉર્ડ સ્મિથ અને રિચાર્ડ ટેરિલ નામના બે વિજ્ઞાનીઓએ તેનો આ ફોટોગ્રાફ લીધો છે. તેમાં એ તારાની બે બાજુ ફેલાતા દેખાતા વાદળમાં વાયુ અને ઘનકણો હોવાની જાણ થઇ છે જે આ તારાની આસપાસ નવજાત ગ્રહો કે નવા રચાતા જગતનું સૂચક ગણાય છે. આ ઉપરાંત, તાજેતરમાં જ 'શૌરી' (Hercules) અને 'વૃશ્ચિક' (Scorpius) તારામંડળની વચ્ચે આવેલા સર્પધર (Ophiuchus) તારામંડળમાં પણ એક તારાના ગ્રહ મનાતા વાયવીય પિંડની શોધ થઈ છે. તેનું કદ ગુરુના ૧/૬૦ ભાગ જેટલું અને દળ ગુરુ કરતાં ૩૦ થી ૮૦ ગણું લાગે છે. સપાટી ઉપર તેનું ઉષ્ણતામાન ૯૩૩° સે. (૨૦૦૦° ફે.) જેટલું જણાયું છે. જોકે કેટલાક વિજ્ઞાનીઓ તેને તારા જેવું સ્વરૂપ ધારણ નહિ કરી શકતો 'બ્રાઉન ડવાર્ફ' માને છે. આ જ રીતે ૨૧ પ્રકાશવર્ષ દૂર પણ આવો એક પિંડ શોધાયો છે, જેને Van Breshrock-8 B નામ અપાયું છે. જે તારાની આસપાસ તે ઘૂમે છે તેનાથી એ ૯૭૨૦ લાખ કિ.મી. દૂર છે.

બાજુ જે કાંઈ બની રહ્યું હોવાનું કહી શકાય તેમ હોય તો તે તેની આજુબાજુ બંધાવા માંડેલા ગ્રહોની છેલ્લી પ્રક્રિયા છે.

અભિજિતની આજુબાજુ ઘન દ્રવ્યકણો આવેલા છે એ પ્રકારની NASA એ જાહેર કરેલી શોધનો યશભાગી બીજો તારો 'મીનાસ્ય' (Fomalhaut) છે. મીનાસ્ય યામમત્સ્ય તારામંડળ (Piscis Austrinus નો મુખ્ય તારો છે.

આ થઈ ૧૯૮૩ની સંશોધનાત્મક વાત.

૧૯૮૪ની સાલ વધુ વિશિષ્ટ બની છે.

ઈન્ફ્રારેડ વિકિરણ અને રેડિયો નિરીક્ષણોએ કેટલાક યુવા તારાઓની આસપાસ દ્રવ્યકણો ધરાવતાં વાદળો અસ્તિત્વ ધરાવે છે કે કેમ તેની શોધનું કામ શરૂ કરી દીધું છે. 'વૃષભ'-Taurus મંડળમાં HL Tauri નામે એક તારો છે. જે આપણાથી ૫૨૦ પ્રકાશવર્ષ દૂર આવેલો છે. આ તારાની આજુબાજુ આવેલુ વાદળ કણયુક્ત હોવાનું માલૂમ પડયું છે. એટલું જ નહિ પણ આ કણો હાઇડ્રોજન કે હીલિયમના નહિ પણ રેતી અને બરફના બનેલા છે. HL વૃષભ યુવા તારો છે. એની ઉંમર કેવળ એક લાખ વર્ષની છે જ્યારે એનો દ્રવ્યસંચય સૂર્યના દળ જેટલો છે. અત્યંત યુવા એવા આ તારાની આસપાસ આવેલા કણયુક્ત વાદળનો વિસ્તાર ખૂબ ખૂબ મોટો છે એટલું જ નહિ પણ એના ઘન કણોનું દ્રવ્યમાન પૃથ્વીના દ્રવ્યમાન જેટલું હોવાનું સમજાયું છે.

વાયુ દ્રવ્ય ઉપરાંત રેતીકણોનું હોવું ગ્રહ-રચનાની પ્રારંભિક સ્થિતિ દાખવે છે. HL વૃષભ દ્વારા ઉત્સર્જિત થતા અને પૃથ્વી સુધી પહોંચતા વિકિરણના આધારે, એનું ઉત્પાદક વાદળ HL તારાથી ૮૦ થી ૧૨૦ આકાશી એકમ (સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર એક આકાશી એકમ છે) દૂરના વિસ્તારમાં ફેલાઈ પડેલું જાણવા મળ્યું છે.

HL વૃષભ ઉપરાંત એક બીજા યુવા તારાની આસપાસ ઘન કણવાળું વાદળ હોવાની માહિતી સાંપડી છે. એ તારાનું નામ છે R-Monocerotis(એકશૃંગ તારામંડળમાં). આ તારાની વિશિષ્ટ વાત એ છે કે તે HL વૃષભના હિસાબે આપણાથી ચાર ગણો દૂર આવેલો છે, એટલું જ નહિ પણ એની આસપાસના વાદળનો વિસ્તાર HL તારાની વાદળવ્યાપ્તિ કરતાં ચાર ગણો છે! અભિજિત અને મીનાસ્યનાં પરવર્તી વાદળોમાંનો કણિકામય દ્રવ્યસંચય પૃથ્વીના દ્રવ્યસંચયના હિસાબે કેવળ દસમા ભાગનો છે. એથી ઊલટું HLની આજુબાજુ આવેલા વાદળમાંનો કણિકામય દ્રવ્યસંભાર પૃથ્વીના દ્રવ્યમાન જેટલો છે, જ્યારે R-Mon.ના પરવર્તી વાદળમાંનો કણસંચય તેથી પાંચ ગણો છે!



સૂર્યમંડળમાં સૌથી મોટા ગ્રહ ગુરુ અને શનિ છે. આ બંને ગ્રહોનો નાભિ ભાગ ઘન રૂપનો છે જ્યારે બાકીનો મોટો ભાગ હાઇડ્રોજન અને હીલિયમથી બનેલો વાયવીય હિસ્સો છે. નાસા દ્વારા નિરીક્ષિત HL અને R Mon.નો કણસંભાર રેતીતત્ત્વ અને ઑક્સિજન જેવાં વજનદાર તત્ત્વોનો છે. આ ફરકને કારણે ખગોળશાસ્ત્રીઓ એવા નિર્ણય પર આવ્યા છે કે HL અને R Mon.ની આજુબાજુ હાઇડ્રોજન અને હીલિયમનો જે વાયવીય જથ્થો હશે તેનું દ્રવ્યમાન ગુરુ યા શનિના દ્રવ્યમાન જેટલું યા તેથી પણ વધુ હશે. અને એ દૃષ્ટિએ જોતાં, ઉક્ત તારાઓના ગ્રહોનું નિર્માણ કાર્ય શરૂ થઈ રહ્યાની પૂરી શકયતા છે.

જેમનાં દ્રવ્યસંચય તેમજ ઉંમર HL વૃષભ જેટલાં છે એવા કેટલાક તારા T વૃષભ, DG વૃષભ અને V ૩૮૦ મૃગ(Orion)નાં પણ ઈન્ફ્રારેડ નિરીક્ષણો કરવામાં આવ્યાં છે. માલૂમ પડયું છે કે આ તારાઓની આસપાસ ઘન કણવાળાં વાદળોનું અસ્તિત્વ નથી. ચર્ચાસ્પદ એક બાબત T વૃષભના નાના સાથીદાર અંગેની છે. આ સાથીદાર નાનો તારો છે કે ગ્રહ છે એનો નિર્ણય હજી થઈ શક્યો નથી. કેટલાક ખગોળશાસ્ત્રીઓ એને પ્રાથમિક દશાનો આદિ તારો માને છે તો અન્ય ખગોળશાસ્ત્રીઓ એને નવો બંધાઈ રહેલો વિરાટ કદનો આદિ ગ્રહ માને છે.

દાર્શનિક પુરાવાવાળી ઉપર્યુક્ત વિગતો એક વાતનો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે આકાશના કેટલાક તારાઓની આસપાસ ગ્રહો બંધાઈ રહ્યા છે. વળી ક્યાંકક્યાંક ગ્રહો બંધાઈ ચૂક્યા હશે એમ માનવું પણ હવે અસ્વાભાવિક નહિ લેખાય; જો કે આજના તબક્કે એ વિષે તદ્દન નિશ્ચયાત્મકરૂપ કહેવું જરા મુશ્કેલ છે. આમ છતાંય એ સમય હવે વધુ દૂર નહિ હોય જ્યારે આપણી વિકસતી ટૅકનોલૉજીના તેમજ સ્પેસ ટેલિસ્કોપનાં સંશોધનના આધારે તારાઓની પરકમ્મા કરતા ગ્રહોનું આપણે સાક્ષ્ય પ્રમાણ મેળવી શકીશું. □



'મૈયા મૈં નહીં માખન ખાયો.' આપણા કલાક્ષેત્રે ભારતીયતાનું ગૌરવ લગભગ વિસરાઈ ગયું હતું ત્યારે તેની પુનઃ પ્રતિષ્ઠા કરાવવામાં જે કેટલાક કલાકારોનો ઉત્તમ ફાળો રહ્યો છે તેમાં સ્વ. જગન્નાથ અહિવાસીજીનું પણ આગવું પ્રદાન છે. કલાશિક્ષણ અને કલાસર્જનમાં વિષય તથા શૈલીમાં ભારતીયતા જાળવવાના એમના દૃઢ આગ્રહભર્યા પુરુષાર્થથી જે ચેતના પ્રકટી તેના પરિણામે આપણી કલાની વિકાસકથામાં એક નવું જ પ્રકરણ રચાયું. પોતે ચુસ્ત વૈષ્ણવ હોઈ સ્વાભાવિક જ એમના ચિત્રવિષયોમાં બાલસ્વરૂપ કૃષ્ણના જીવનપ્રસંગોનું વિશેષ પ્રમાણ રહ્યું છે. આ નાનાશા ચિત્રમાં પણ એમણે સંતોષ યશોદા અને ભયભીત કૃષ્ણ તથા લપાઈને ઊભેલા બલરામ અને ગોપબાળકના ભયકૌતુક મિશ્રિત ભાવોને સચોટતાથી ઉતારીને એક સુંદર ચિત્રકૃતિ સરજી છે.

△ નૈનીતાલનું એક મનોહર દૃશ્ય તથા (જમણી બાજુ) એ સરોવરને કિનારે શ્રી નયનાદેવીજીનું મંદિર △

બાહ્ય હિમાલયની એક પર્વત-શ્રેણીમાં ૬૩૫૦ ફીટની ઊંચાઇએ બેએક માઈલના ઘેરાવાવાળા અને નેવું ફીટથી પણ વધુ ઊંડા નૈનીતાલ સરોવરને કાંઠેકાંઠે આ જ નામથી ઓળખાતું નગર વસ્યું છે. આજે તો રજાઓમાં અહીં સહેલાણીઓ ઉભરાય છે, પરંતુ ઈ. ૧૮૩૯ સુધી તો અહીં આસપાસના પશુપાલકો જ વિશેષ દેખાતા હતા. ઈ. ૧૮૪૨માં કોઈ યુરોપીઅનની નજરમાં આ સ્થાન વસી ગયું અને પછી અહીં વસવાટ વધવા લાગ્યો. ૧૮૫૭ના બળવાના સમયમાં નજીકના રોહીલાખંડના બળવાખોરો આ તરફ આશરો લેતા. પછી ધીરેધીરે અંગ્રેજ અમલદારો અહીં ઉનાળામાં વસવા માંડયા. ૧૮૮૦માં અહીં સતત ત્રણ દિવસ પડેલા વરસાદને લીધે પહાડ ધસી પડતાં ૪૩ ગોરાઓ અને ૧૦૮ સ્થાનિક માણસો માર્યા ગયા, અને બે લાખનું નુકસાન થયું. એ પછી મોટો ખર્ચ કરીને વરસાદના પાણીના નિકાલ માટે વ્યવસ્થા કરવામાં આવી. નૈનીતાલની ઉત્તર-દક્ષિણે ઊભી પહાડી જંગલથી – ખાસ કરીને ઓકનાં વૃક્ષોથી છવાએલી છે. સરોવરની પશ્ચિમે ઠીકઠીક મોટા ઢાળ ઉપર રમતગમતો માટે વિશાળ મેદાન બનાવેલું છે. નૈનીતાલની ઉત્તરે ચીના (૮૫૬૮ ફીટ), પશ્ચિમે દેવપાથા (૭૯૮૭'), દક્ષિણે અયારપાથા (૭૪૬૧') એ આ વિસ્તારનાં જાણીતાં ઊંચાં શિખરો છે. નૈનીતાલથી ૧૧-૧૨ માઈલ (૧૭-૧૮ કિ.મી.) દૂર ભીમતાલ (જુઓ સામેના પાના પરની છબી) પણ હિમાલયમાં આવેલું એક પ્રાચીન તીર્થસ્થાન છે. ભીમતાલ પણ એક વિશાળ સરોવર છે. તેની આસપાસ બીજાં નાનાંમોટાં સંખ્યાબંધ સરોવરો છે. એક પર્વતના ઉચ્ચ પ્રદેશમાં આ સરોવરની વચ્ચે એક નાનકડો બેટ છે. સરોવરના કિનારે 'ભીમેશ્વર' નામનું એક શિવમંદિર તથા તેની પાસે પુરાણપ્રસિદ્ધ કર્કોટક નાગનું સ્થાનક છે. કહે છે કે સત્તરમી સદીમાં બાજ બહાદુરે (૧૬૩૮-'૭૮) આ મંદિર બંધાવેલું જે આ પ્રદેશના એ અરસાના ચંદ શાસનકાળનો એક મુખ્ય અવશેષ છે. બાજ બહાદુર ૧૬૫૫માં મુગલ સૈન્યના સાથમાં ગઢવાલ સામે લડેલો.

રંગનાં કે લાલચોળ હોય છે. આપણાં જાસૂદનાં ફૂલો સાથે તેને સરખાવી શકાય. બુરૂંસનાં ફૂલ સાથે એ મારો પહેલો જ પરિચય હતો. મારું કુતૂહલ સમજી જઇને ભાઈ સુધીર પાસેના એક વૃક્ષ ઉપર સિફતથી ચઢી ગયો અને મારા માટે બુરૂંસનું એક પૂર્ણવિકસિત સુંદર ફૂલ તોડી લાવ્યો. મારા પહેરણના ગાજમાં તે ફૂલ ભેરવીને અમે આગળ ચાલ્યા.


અમારી ઉત્તર દિશાએ દૂરદૂર કેટલાંક હિમશિખરો સવારના તડકામાં ઝળહળી રહ્યાં હતાં. હિમાલયમાં પગપાળા પ્રવાસ કરવાનો મારે માટે આ પહેલો જ પ્રસંગ હતો; તેમ હિમાલયનાં ઉત્તુંગ, હિમાચ્છાદિત ગિરિશૃંગોનાં દર્શનનો પણ આ પહેલો જ લ્હાવો હતો! એ જોતાં જ હું બે પળ થંભી ગયો, સ્તબ્ધ થઈ ગયો, અવાક્ બની ગયો. અનાયાસ મારા હાથ જોડાઈ ગયા અને મસ્તક નમી પડયું. સજળ નેત્રે અને ગદ્ગદ કંઠે મારા મોંમાંથી શ્લોક સરી પડ્યો: 'અસ્ત્યુત્તરસ્યાં દિશિ દેવતાત્મા હિમાલયો નામ નગાધિરાજ:'

ભાઈ સુધીરે એ શિખરોનો પરિચય કરાવ્યો. પશ્ચિમથી પૂર્વ કેદારનાથ, સુમેરુ, બદરીનાથ, નીલકંઠ, કામેટ નંદાઘુંટી, ત્રિશૂલ, નંદાદેવી તથા નંદકોટ. તેમાં ૨૫,૬૪૫ ફીટ ઊંચું નંદાદેવીનું શિખર 'ઉત્તમ' (સૌથી ઊંચું) છે. નૈનીતાલથી આ બધાં હિમ-શિખરો બહુ દૂર હોઈ ઘણાં નાનાં લાગતાં હતાં. પરંતુ આટલું યે દૃશ્ય જોવા મળ્યું તે અમારું સદ્ભાગ્ય હતું. કારણ કે સામાન્યપણે મે મહિનામાં અહીંનું વાતાવરણ બહુધા ધૂંધળું રહેતું હોઈ આ હિમશિખરોનું દર્શન ક્વચિત્ જ સાંપડે છે. હિમાલયમાં ભ્રમણ કરવાની અને હિમાચ્છાદિત પર્વતો નિહાળવાની ઉત્તમ ઋતુ તો શરદ એટલે કે ઑક્ટોબર માસનો સમય છે.

સ્નો-વ્યૂની ધાર પરથી ઊતરતાં-ઊતરતાં બે કલાકે અમે છેક ગેઠિયા નામના સ્થળે પહોંચ્યા. સાડા સાત હજાર ફીટની ઊંચાઇએથી અમે છેક ચાર હજાર ફીટની ઊંચાઈ સુધી નીચે ઊતરી આવ્યા, એટલે કે અમે લગભગ ૩,૫૦૦ ફીટ નીચે ઊતર્યા હતા.

દેવદાર, બાંજ અને બુરૂંસના બદલે હવે અહીં ગેઠિયા પાસે ચીડ (Pine) વૃક્ષોની ઘટા જોવા મળી. ચીડનું વૃક્ષ આ પહાડી લોકો માટે કલ્પવૃક્ષ સમાન છે. પહાડી લોકો આ ચીડ તથા દેવદારનું લાકડું મકાનનાં બારી-બારણાં, ઉપરના મેડાની ભોંય તથા 'ઊલટી-છત' (Ceiling) તેમજ મોભ વગેરે બનાવવામાં વાપરે છે. વળી, ચીડનું લાકડું બળતણ માટે પણ બહુ વપરાય છે. ચીડના વૃક્ષમાં જે રસ છે તેમાંથી ટરપેન્ટાઇન તથા બીજાં અનેક રસાયણો બનાવવામાં આવે છે. પહાડના લોકો ચીડના થડમાં કાપ મૂકીને તેમાંથી ઝરતા રસને એક નાના કુલડામાં એકત્ર કરે છે અને પછી તેને બરેલી કે બીજા શહેરનાં કારખાનાંઓમાં મોકલી આપે છે. કાગળ બનાવવામાં પણ ચીડનું લાકડું બહુ ઉપયોગી હોઈ કાગળની મિલોના માલિકો પણ હિમાલયનાં જંગલોમાંથી ચીડનાં વૃક્ષો કાપીને લાખો ટન લાકડું લઈ જાય છે. આ રીતે હિમાલયની અમૂલ્ય વન-સંપત્તિ લૂંટાઈ રહી છે! વૃક્ષો કપાઈ જવાથી ભૂ-સ્ખલન તથા પ્રદૂષણ પણ વધી રહ્યાં છે.

ગેઠિયા પાસે ચાની એક દુકાન હતી. અમે ત્યાં થોડી વાર થાક



ખાવા બેઠા. ભાઈ સુધીરે મને પહાડી લોકોનાં રીત-રિવાજ તથા રહેણી-કરણી વિશે ખાસ્સી માહિતી આપી. અહીં અમને કાઠગોદામથી રાણીખેત તથા આલમોરા જતી મોટર મળે તેમ હતી. અમે ચા પી રહ્યા તેવામાં નીચેથી એક બસ આવી. તેમાં બેસી અમે ગેઠિયાથી દસેક માઈલ દૂર ભવાલી ગામે ઊતરી પડ્યા.

ભવાલી એ મોટર-માર્ગોનું એક જંકશન છે. હવે તો અહીંથી રાણીખેત, આલમોરા, નૈનીતાલ, ભીમતાલ, રામગઢ તથા મુક્તેશ્વર જવાય છે. પણ ૧૯૪૭માં તો ભીમતાલ સુધી મોટર જતી નહોતી, તેથી અમારે ભીમતાલ પગપાળા જવું પડે તેમ હતું. પરંતુ સુધીરને એક યુક્તિ સૂઝી. તેણે તજવીજ કરીને ક્યાંકથી બે ઘોડા ભાડે લઈ લીધા અને અમે ઘોડે ચડી ભીમતાલ જવા ઊપડ્યા. ભવાલીથી ફક્ત ચાર માઈલ પંથ હોઈ એક કલાકમાં તો અમે ભીમતાલ સરોવર પહોંચી ગયા. આજે મોટર-રસ્તે નૈનીતાલથી ભીમતાલ ૨૨ કિ. મી. થાય છે.

ભીમતાલ પણ એક અત્યંત મનોહર સરોવર છે. તેનો આકાર કંઈક ચંદ્રાકાર જેવો છે. ત્યારે તો ભીમતાલ સુધી મોટર-સડક નહોતી એટલે આસપાસના બધા પહાડો ગાઢ વનરાજીથી છવાએલા હતા. નૈનીતાલ જેવી ભીડ અને કોલાહલના બદલે અહીં શાંત, સુંદર, રમ્ય વાતાવરણ હોઈ ચિત્ત પ્રસન્ન થઈ ઊઠયું. હું તો સરોવરને કાંઠે એક શિલા ઉપર બેસી ગયો. પવનની લહેરમાં સરોવરના જલ-તરંગો મંદ-ગતિએ કિનારે અફળાતાં હતાં. ક્યારેક જળમાં ટ્રાઉટ માછલીઓ પણ દેખાઈ જતી હતી. જગન્નાથ પંડિતની 'ગંગા-લહરી'ના શ્લોકો ગણ-ગણતો હું આ માણી રહ્યો હતો તેવામાં સુધીરે મને બોલાવ્યો.

ભીમતાલની વચ્ચે એક સુંદર ટાપુ છે. સુધીરે એક હોડી ભાડે કરી લીધી. તેમાં બેસીને અમે દસેક મિનિટમાં તો એ ટાપુ પર પહોંચી ગયા. આજે તો એ ટાપુ પર સરસ રેસ્ટોરાં ચાલે છે. પણ એ વખતે તો ત્યાં ચાની એક નાની છાપરી પણ નહોતી. એક મોટા પથ્થર પર બેસીને અહીંના પરમ શાંત વાતાવરણમાં અમે સાથે આણેલું ભાથું ખાધું અને પછી થોડી લટાર મારી. આ રમણીય અને આહ્લાદક સ્થળ છોડવાની જરાયે ઇચ્છા થતી નહોતી, પણ બપોરના બે વાગી ચૂક્યા હતા. ભવિષ્યમાં ફરી અહીં આવવાનો નિશ્ચય કરી હું હોડીમાં બેઠો. કિનારે પહોંચી ફરી ઘોડેસવારી કરી અને ચાર વાગ્યે તો ભવાલી આવી પહોંચ્યા.

ભવાલીથી થોડે દૂર રામગઢ અને મુક્તેશ્વર નામનાં બે સુંદર સ્થળ છે. રામગઢ પાસે સફરજનની નાની-મોટી અનેક વાડીઓ છે. તેથી ભવાલીના ચૉક પાસે ફળ-ફળાદિની સંખ્યાબંધ દુકાનો હતી. થોડી વારમાં રાણીખેતથી બસ આવી. અર્ધા કલાકમાં તો તેણે અમને ગેઠિયા પહોંચાડી દીધા.

પરંતુ હવે મારી કસોટી થવાની હતી. સવારે જ્યારે અમે સ્નો-વ્યૂથી નીચે ઊતર્યા ત્યારે તો પહેલી જ વાર હિમાલયની પહાડીઓમાં ઘૂમવાનો અપાર ઉત્સાહ હતો. સવારના શીતળ વાતાવરણમાં શરીરમાં યે તાજગી હતી, એટલે ૩૫૦૦ ફીટનો ઢાળ તો હું સરળતાથી ઊતરી ગયો હતો. પણ હવે સાંજે થાકેલા શરીરે એ ચઢાણ ખૂબ જ આકરું લાગ્યું. પરંતુ બીજો કોઈ ઉપાય પણ ક્યાં હતો? સુધીરની પાછળપાછળ હું મૂંગે મોંએ પહાડ ચડવા લાગ્યો. બે કલાકે બે હજાર ફીટ ચડતાં તો હું હાંફી ગયો. હવે આગળ ચઢી શકાય તેમ નહોતું. પગદંડીની બાજુએ પથરાએલા ઘાસ ઉપર મેં તો લંબાવી દીધું.

મારી દયાજનક હાલત જોઇને સુધીર દ્વિધામાં પડ્યો. તેણે હસવું કે રડવું? એ પણ મારી પાસે આવી બેસી ગયો. થોડી વાર તો તેણે મારા પગ પણ દબાવ્યા, અને પછી ઊઠીને ક્યાંક ચાલ્યો ગયો. દસેક મિનિટ બાદ પાછો આવ્યો ત્યારે ક્યાંકથી શોધીને મારે માટે ચા લઈ આવ્યો હતો. મારી હાંફ તો હવે ઊતરી ગઈ હતી, ગરમ ચા પીવાથી શરીરમાં થોડી સ્ફૂર્તિ આવી. હું ઊભો થયો અને સુધીરના મોં પર સ્મિત રેલાયું.

અંતે સ્નો-વ્યૂ પહોંચ્યા ત્યારે રાતના નવ વાગી ગયા હતા. ૧૯૪૭ પછી હું હિમાલયમાં ઘણું ઘણું ફર્યો છું, રખડયો છું, પહાડો પણ ચઢયો છું; પરંતુ હિમાલયની મારી આ સૌથી પહેલી રખડપટ્ટી કદી ભૂલી શકું તેમ નથી!

(ચાલુ)

'ગુજરાતી સાહિત્યકોશ' માટે માહિતીપત્રકો ભરી મોકલવા સૌ લેખકોને વરસેક પહેલાં કરેલી જાહેર વિનંતીના ઉત્તરમાં આજ-સુધીમાં અમને માત્ર ૫૦૦ જેટલા લેખકોનાં માહિતીપત્રકો મળ્યાં છે એટલે હજુ ઘણા વધુ લેખકોનાં માહિતીપત્રકો મળવાં બાકી રહે છે. આ તબક્કે બાકી સૌ લેખકો (તથા દિવંગત લેખકોનાં સ્વજનો) પત્ર કે ફોન દ્વારા એમનાં સરનામાં અમને પહોંચાડે (જેથી અમે માહિતીપત્રક એમને મોકલાવી આપી શકીએ) એ માટે પુનઃ આગ્રહભરી વિનંતી કરીએ છીએ. —રમણ સોની, સંપાદક, ગુજરાતી સાહિત્ય-કોશ, ક. લા. સ્વાધ્યાયમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૯ (ફોન : ૪૦૭૯૪૦)

■ શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિરે ગુજરાતી ભાષા અને સાહિત્યને લગતા મહાનિબંધોની ટાઇપસ્ક્રિપ્ટને સાચવવા અંગે પણ એક કેન્દ્રવર્તી યોજના વિચારી છે. આ યોજના નીચે અત્યાર સુધી અપ્રકાશિત અને ડિગ્રી એનાયત થઈ ચૂકેલા ગુજરાતી ભાષા ને સાહિત્યને લગતા જેમના મહા-નિબંધો ટાઈપસ્ક્રિપ્ટમાં પડ્યા હોય એની એક નકલ તાત્કાલિક—ચંદ્રકાન્ત ટોપીવાલા, નિયામકશ્રી, શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિરના ઉપરના સરનામે મોકલીને સહકાર આપવા જાહેર અપીલ છે. આવી કેન્દ્રવર્તી યોજના દ્વારા આ સંશોધન સંસ્થા પાસે સંશોધનનો એક પૂરો આલેખ રહેશે ને મહાનિબંધોની એક સંપૂર્ણ યાદી બનાવાશે, જેથી વિષયોનાં પુનરાવર્તનો ન થાય એવું કેન્દ્રવર્તી માર્ગદર્શન આપી શકાશે.

કલાવાર્તા

જાપાનનો એક મહાન કલાકાર

સેસ્શુ

—બંસીલાલ દલાલ—

ભારતમાં પ્રકટ થયા પછી સેંકડો વર્ષોના પટ ઉપર વહેતા વિશાળ નદની જેમ બૌદ્ધ ધર્મ એશિયાની ભૂમિ ઉપર પ્રસર્યો તે સાથે જે જે પ્રદેશમાંથી તે પસાર થયો તે તે પ્રદેશનો પ્રભાવ પણ તે પામતો ગયો. આ રીતે ઈસ્વી સનની પહેલી સદીમાં કે એથી યે પહેલાં બૌદ્ધ ધર્મ હિમાલયના ઉત્તુંગ પહાડોની પેલે પાર છેક ચીન સુધી પહોંચી ચૂક્યો હતો. કાળાંતરે તે જાપાનમાં પણ પ્રસર્યો તે દરમિયાન તેના મૂળ કરતાં ભિન્ન એવા અભિગમોવાળાં વિવિધ સ્વરૂપો પણ વિકસ્યાં. જાપાનમાં પ્રચલિત 'ઝેન' તેમાંનો એક પ્રકાર છે. એની વિસ્તૃત સમજ અહીં અપ્રસ્તુત હોઈ ટૂંકમાં જોઇએ તો ઝેન એ ભારતીય આધ્યાત્મવાદ અને ચીની નિસર્ગ-વાદની જાપાની લાક્ષણિકતાવાળી ગૂંથણી કહી શકાય. ઝેન એ ચીનની 'ચાન' (કે ચેન) સંજ્ઞા માટેનો જાપાની શબ્દ અને ઉચ્ચાર છે ચીનનો આ ચાન એ સંસ્કૃત 'ધ્યાન'નું ચીની રૂપ છે. આ ધ્યાન એટલે વાસ્તવિક અસ્તિત્વ સાથે ચેતનાનું તાદાત્મ્ય એવો કંઈક અર્થ થઈ શકે. ઝેનમાં ભારતીય ગૂઢવાદ, કન્ફ્યુસીઅસનો માનવતાવાદી વ્યાવહારિકતાનો બોધ અને લાઓ-ત્સુના વિચારોનું સંમિશ્રણ તેમાં જોવા મળે છે. જીવનરીતમાં સહનશીલતાનું પ્રાધાન્ય પણ તેમાં છે. ઝેન બૌદ્ધ ધર્મના મહાયાન પંથની, ચુસ્ત પ્રતિબંધોથી રહિત વિચારસરણીવાળી એક આગવી શાખા લાગે. સૃષ્ટિના સમગ્ર અસ્તિત્વના રહસ્યની ખોજ એ જાણે એનું લક્ષ્ય. આ ખોજ માટેના એક માધ્યમ તરીકે ઝેન સાધુઓએ ચિત્રકળા – ખાસ કરીને પ્રકૃતિનાં આલેખનો દ્વારા તેનું રહસ્ય પામવાનો પ્રયાસ પણ કર્યો, અને કદાચ એટલે જ ઝેનમાર્ગીઓમાં ઘણા સાધુઓ સારા ચિત્રકારો – દૃશ્યચિત્રકારો નીવડ્યા જણાય છે. એમનું ચિત્રાલેખન એમની ધર્મસાધનાનું જ એક માધ્યમ લાગે છે. સેસ્શુ પોતે પણ એક ઝેન સાધુ હતો. પ્રકૃતિ સાથે એણે કેટલું તાદાત્મ્ય સાધ્યું હતું તે આ સાથેનાં એનાં દૃશ્યાલેખનો પરથી સમજી શકાશે.

આ પછીનાં ત્રણ પૃષ્ઠો પર આપેલાં નવ દૃશ્યચિત્રો એ મૂળ તો સેસ્શુએ કરેલા ૧૬ મીટર લાંબા દૃશ્યચિત્રના ખંડભાગો છે. તેમાં એકથી ચાર સુધીના ચિત્રખંડો જમણી બાજુથી ડાબી તરફ જતાં એ ચિત્રના સળંગ ભાગ છે. તે પછી મૂળ ચિત્રનો થોડો ભાગ જતો કરી પાંચ છ અને સાતમો ભાગ પણ સળંગ છે, અને છેલ્લા બે ખંડ તે પછીના ચિત્રાલેખન-માંથી લીધા છે. જો કે આ સમગ્ર દૃશ્યાલેખન સળંગ અખંડ રૂપે જોવાનો લહાવ, આમ ખંડ રૂપે જોવા કરતાં અનેરી અનુભૂતિ કરાવે છે. આમ છતાં આ નવ ખંડોમાં સેસ્શુની ચિત્ર-સંયોજનની અને પીંછીની તાકાત પ્રમાણી શકાય છે. કેવળ એક જ – કાળા રંગમાં તેની આછી-ઘેરી ઝાંય અને પીંછીના જોરે સેસ્શુએ ખડકો, વૃક્ષો, પાણી અને આકાશ તથા વાતાવરણને જે ઉઠાવ આપ્યો છે તે પ્રકૃતિનું શાંત રમ્ય દર્શન કરાવવા સાથે કુદરતની વ્યાપકતાને પણ વ્યક્ત કરે છે. વચ્ચેવચ્ચે પાણી ઉપર સરકતી એકલદોકલ હોડી, કુદરતને ખોળે રચાએલાં નાનકડાં મકાનો તથા ક્યાંક ક્યાંક દેખાતાં માણસો સમગ્ર પ્રકૃતિમાં પ્રકટ થતી સજીવતાને પુષ્ટિ આપવા સાથે તેની સાથે એકાકાર બની જતાં જણાય છે. તેજછાયાના પલટા ને પીંછીના વિવિધ લપકા-લસરકાથી સેસ્શુએ આ સમગ્ર આલેખનમાં અજબ ભવ્યતા, શાંતિ અને ઊંડાણ દર્શાવ્યાં છે. માનવપાત્રો કે એવાં અન્ય ચિત્રાલેખનો કરતાં જેની સાથે તાદાત્મ્યતા સાધી શકાય તેવાં પ્રકૃતિદૃશ્યોનાં આલેખનનું સેસ્શુને મન સવિશેષ મહત્ત્વ હતું. પ્રકૃતિમાં સર્વત્ર વ્યાપ્ત ચેતના સાથે એકરૂપ થવાની એની એમાં સાધના હતી.

જાપાનની ચિત્રશૈલી પર પ્રારંભમાં ચીનની ચિત્રકળાનો ઠીકઠીક પ્રભાવ રહ્યો છે. ચીનમાં જ્યારે મિંગ શાસન ચાલતું હતું ત્યારે, એટલે કે ઇ. ૧૩૩૫થી ૧૫૭૩ સુધીનાં વર્ષોનો ગાળો જાપાનના ઇતિહાસમાં 'આશિકાગા' નામે જાણીતો છે. મિનામોતો પછી આવેલા હોજો વંશનો આશિકાગા વંશના સ્થાપક તાકોજીએ અંત આણેલો અને તેણે કામાકુરાથી હટાવીને ક્યોતોમાં રાજધાની સ્થાપેલી.

જાપાનમાં આ આશિકાગા અને ચીનમાં મિંગ બંને સમકાલીન છતાં આશિકાગા સમયની જાપાનની ચિત્રશૈલી પર મિંગ નહિ પણ ચીનના સુંગ કાળની પ્રશિષ્ટ ચિત્રશૈલી-નો સવિશેષ પ્રભાવ હતો. ઉત્સવો અને વીરત્વ દર્શાવતાં પ્રસંગચિત્રોના બદલે ત્યારે જાપા-નના ચિત્રકારો આંતરિક ઉત્સાહથી પક્ષીઓ અને પુષ્પો વગેરે જેવા ચિત્રવિષયો તરફ ઢળ્યા હતા. કામાકુરાના સૈનિક-જીવનમાં પણ ઝેન ધર્મસિદ્ધાંતની વ્યાપક અસર હતી મઠ-વાસી સાધુઓના મનનશીલ નિવૃત્ત જીવનમાં દાર્શનિક પરિપક્વતા આવી હતી. સૌન્દર્યા-ત્મક પ્રેરણા તરીકે તાજાં પુષ્પોની માફક પાંગરી ઊઠેલી પોતાની અનુભૂતિઓને તેઓ ચિત્રકલા દ્વારા અભિવ્યક્ત કરતા હતા. આથી જ કદાચ આશિકાગા સમયના જાપાનના ચિત્રકારોમાં મઠવાસી સાધુઓ અને ધર્મો-પદેશકો વધુ પ્રમાણમાં હોવાનું જણાય છે.


આશિકાગા સમયની જાપાનની કળામાં ચીનની કળાની નવજાગૃતિનો પુનર્જન્મ દેખાય છે. પંદરમી સદીની આખરમાં તેમાં પૂર આવ્યું લાગે છે, પરંતુ તેનો આરંભ તો ચૌદમી સદીથી થઈ ચૂક્યો હતો. વળી, આ સમયની ચિત્રકળામાં જાપાન બહારથી પણ પ્રોત્સાહક પ્રભાવ પડ્યો. એક ચીની કલાકાર ત્યારે જાપાનમાં સ્થાયી થયો અને તેણે સોગા શુબુન નામ ધારણ કર્યું. એણે સુંદર દૃશ્યચિત્રો કર્યાં છે, પરંતુ ચિત્રકાર કરતાં એ શિક્ષક તરીકે વધુ જાણીતો છે. તેનો પુત્ર સોગા જાસોકુ પોતાના સમયનો એક શ્રેષ્ઠ ચિત્રકાર હતો. એક અન્ય ચિત્રકાર-શિક્ષક પણ એ અરસામાં અનેક અનુયાયીઓનું આકર્ષણ બની રહેલો. એનું નામ હતું જોસેત્સુ. કેટલાક એને પણ ચીની માને છે, પણ સંભવતઃ એ ચીનમાં તાલીમ પામેલો જાપાનનો જ ચિત્રકાર હતો. તેણે પણ સુંદર દૃશ્યચિત્રો બનાવેલાં તેના વિદ્યાર્થીઓમાં સૌથી વધુ ખ્યાતિ પામ્યો શુબુન. જાપાનમાં ચીની ચિત્રશૈલીનો એ સ્થા-પક ગણાય છે. તેનાં ચિત્રો અત્યંત વિરલ છે. પ્રશાંત સૌમ્ય અને ભવ્યતાભર્યાં તેનાં દૃશ્ય-ચિત્રો અત્યંત વખણાય છે. ખાસ કરીને બાજ અને ગરુડનાં ચિત્રો માટે વિખ્યાત ઓગુરી સોતાન આ શુબુનનો એક અગ્રગણ્ય શિષ્ય હતો. એનો બીજો શિષ્ય નો-આમિ. એ કવિ, વિવેચક અને રાજદરબારી હતો. તેણે કરેલાં વાઘનાં ચિત્રો અત્યંત પ્રસિદ્ધ છે. તેના પુત્ર ગેઈ આમિ અને પૌત્ર શો-આમિનો જાપાનની કળામાં નવી જાગૃતિ આણવામાં મહત્ત્વનો ફાળો રહ્યો છે.


પરંતુ પંદરમી સદીની મધ્યમાં જાપાનમાં એક એવો ચિત્રકાર પ્રકટ્યો કે જેને ત્યાંથી પ્રજા હજીયે પોતાના શ્રેષ્ઠ કલાકાર તરીકે આદર આપે છે. ઈ. ૧૪૨૦માં એ સેસ્શુનો જન્મ થયો. જાપાનનો એ યુગ મુરોમાચી કાળ કંઈક અંશે યુદ્ધો છતાં યે શાંતિભર્યો હતો. જીવનની અચોક્કસતા અને આધ્યા-ત્મિકતાનાં મૂલ્યો પર ભાર મૂકતી બૌદ્ધ ફિલસૂફીમાં એને ઊંડી શ્રદ્ધા હતી. એના વિષે એક કથા પ્રચલિત છે. કહે છે કે બૌદ્ધ ધર્મના શિક્ષણાર્થે તેને એક મંદિરમાં રાખવામાં






















છઠ્ઠી સદીમાં ભારતથી બોધિધર્મ નામે એક બૌદ્ધ સાધુ ચીન ગએલા. ભગવાન બુદ્ધે ઉપદેશેલા ધર્મ અંગે એમના વિચારો રૂઢ આચારવિચારોથી મુક્ત, જોમવંતા અને ગતિશીલ હતા. નાનકિંગમાં ચીનના સમ્રાટે એમને આમંત્રીને તેની સાથે ધર્મચર્ચા કરવા પ્રયત્ન કરેલો. સમ્રાટ પોતે પણ બૌદ્ધધર્મનો અભ્યાસી હતો. બૌદ્ધ ધર્મને અનુસરી પોતે કરેલાં પરોપકારી કાર્યો વર્ણવીને સમ્રાટે તે અંગે બોધિધર્મનો અભિપ્રાય માગ્યો ત્યારે તેમણે એ બધાં કાર્યોનું કોઈ જ મહત્ત્વ આંક્યું નહિ. બોધિધર્મના વિચારો સમજી નહિ શકતાં અંતે જ્યારે સમ્રાટે કંઈક અકળાઈને તેને પૂછ્યું કે, 'મને આવા ઉત્તરો આપનાર તમે આખરે કોણ છો?' ત્યારે તેમણે માત્ર એટલો જ ઉત્તર આપ્યો કે, 'એ હું પણ જાણતો નથી.' મનાય છે કે આ બોધિધર્મના વિચારોમાં ઝેન ધર્મનું બીજ છે. કહે છે કે સમ્રાટ પાસેથી છૂટા પડી તેઓ બરૂની એક દાંડી ઉપર ઊભા રહી તેના આધારે યાંગ-ત્સે નદી પાર કરીને માનવ અવરજવરથી દૂર એક ગુફામાં જઈ રહ્યા ને ત્યાં તેમણે નવ વર્ષ સુધી તપ કર્યું. બોધિધર્મ માનતા હતા કે આત્મજ્ઞાન અને મોક્ષ માટે ક્રિયાકાંડો અને ધર્મગ્રંથોના વાચનથી પ્રાપ્ત કરેલા પાંડિત્યનું કંઈ જ મહત્ત્વ નથી. માત્ર ઊંડાં મનન-ચિંતન અને ધ્યાન વડે જ એ પામી શકાય છે.

આ બોધિધર્મ (જાપાનમાં એ 'દારૂમા' નામે ઓળખાય છે.) પાસેથી પરમ જ્ઞાન પામવા 'હુઈ-કો' (જાપાનમાં તેને 'ઇકો' કહે છે.) નામનો સાધુ એમની પાસે ગયો. લાંબા સમય પછી પણ હુઈ-કોને લાગ્યું કે ગુરુ તેના પ્રત્યે બહુ રસ દાખવતા નથી, આથી જ્ઞાન માટેની પોતાની અદમ્ય ઇચ્છાની પ્રતીતિ કરાવવા પોતાનો એક હાથ કાપીને ગુરુચરણે ધરવા એ તૈયાર થઈ ગયો હતો. સેસ્શુએ આ ચિત્રમાં તેનું આલેખન કર્યું છે. ચિત્રમાં ગુરુની પડકાર આપતી આંખો કે શિષ્યની જ્ઞાન પામવા માટેની વેદનાભરી આતુરતાને સેસ્શુએ ગુફાના પથ્થરમાં દેખાતી નાની બખોલો દ્વારા બહુ સચોટતાથી પ્રતિઘોષિત કરી છે. ઝેન ફિલસૂફી અનુસાર પ્રબલ જીવનશક્તિની વ્યાપકતાને સેસ્શુએ ચિત્રસંયોજનમાં સુંદર રીતે વ્યક્ત કરી છે

આવેલો ત્યાં એની ફરજો બજાવવાને બદલે એ ચિત્રો દોરવામાં રસ લેતો. આની સજા રૂપે તેને એક થાંભલા સાથે બાંધવામાં આવ્યો તો તે સ્થિતિમાં એણે આંખમાંથી પડતાં આંસુઓ વડે ઉંદરનાં ચિત્રો કર્યાં હતાં. ક્યોતોના ઝેન પંથના શોકોકુજી મંદિરમાં એણે ઝેન આદર્શો પ્રમાણે પર્વતો અને પાણીનાં આલેખનો કરવાની તાલીમ લીધી, અને ૪૮ વર્ષની વયે વિશેષ કલાના અભ્યાસ અર્થે એ ચીન ગયો. ચીનમાં ત્યારે મિંગ વંશનું શાસન ચાલતું હતું. ચીનની ચિત્રકળાની ત્યારે ખ્યાતિ હતી, અનેક ચિત્રકારો તેમાંથી પ્રેરણા લેતા. પરંતુ ત્યાં પહોંચ્યા પછી સેસ્શુને લાગ્યું કે પોતે ત્યાંથી વિશેષ ખાસ કંઈ નવું પામે એ કરતાં ત્યાંના કલાકારોને આપવા માટે પોતાની પાસે વધારે હતું. એની મૌલિકતાને ત્યાંના કલાકારોએ પણ સ્વીકારી અને રાજાએ પોતાના મહેલની દીવાલ ઉપર દૃશ્યાલેખન કરવાનું કામ સોંપ્યુ. પોતાની માતૃભૂમિની સ્મૃતિથી પ્રેરાઈ સેસ્શુએ ફુજીનું પવિત્ર શિખર પણ એ દૃશ્યચિત્રમાં આલેખ્યું હતું. રાજાએ આ દૃશ્યચિત્ર બદલ સેસ્શુને બહુ માનપૂર્વક પુરસ્કાર્યો હતો. ચીનથી પાછા ફર્યા બાદ સેસ્શુ જીવનભર ચિત્રકામ કરતો રહેલો. બ્રિટિશ મ્યુઝિયમમાં સેસ્શુનું એક સુંદર ચિત્ર છે, જે તેણે ૮૩ વર્ષની વયે કરેલું છે. જાપાનના એક આનંદી દેવતા 'હોતેઈ'ને જમીન પર ખેંચી આણતા બાળકોનું એ ચિત્ર જોતાં સહેજે લાગે છે કે એ ઉંમરે પણ સેસ્શુની આંખ અને એના હાથ બરાબર કામ આપતાં હતાં. ઇ. ૧૫૦૬માં ૮૭ વર્ષની વયે જાપાનના આ મહાન કલાકારનું અવસાન થયું.

આમ, આશિકાગા-કાળમાં જાપાનના શ્રેષ્ઠ ચિત્રકારોમાં સેસ્શુનું સ્થાન અગ્રગણ્ય છે. એનું ચિત્રસર્જન બહુધા ઝેન પંથના ખયાલો સાથે પક્ષીઓ, પુષ્પો અને પ્રકૃતિના આલેખનમાં જ વિચરેલું જોવા મળે છે. પણ ચિત્રવિષયની આ મર્યાદામાં પણ એણે અદ્ભુત સર્જન કરી બતાવ્યું છે. એમ તો સેસ્શુએ માનવપાત્રો પણ આલેખ્યાં છે, પરંતુ એ સતત મનનશીલ, ધ્યાનસ્થ જેવી આધ્યાત્મિકતાની ભાવનાથી ભરેલાં જોવા મળે છે. એની કળા બહુધા આત્મલક્ષી રહી છે. આછા લાલ, લીલા કે બદામી રંગના ઝાંયનો ક્વચિત્ ઉપયોગ કરવા સિવાય કોઈ પણ જાતની રંગભભક આપ્યા વિના માત્ર કાળા રંગમાં એણે તેજછાયાના જે આછાઘેરા પલટા બતાવ્યા છે તેમાં તદ્દન આછી ઝાંયથી માંડી ઘેરી મખમલી કાળાશ સુધી અજબ કાબૂ દર્શાવ્યો છે. એની પીંછીનો પ્રત્યેક લસરકો ચિત્રવિષયને ઉઠાવ આપવામાં સહાયક બની રહે છે. આ સાથે એની ચિત્રકળાના નમૂના રૂપ જે ચિત્રો આપ્યાં છે તેને ધ્યાનથી જોતાં એની કલાશક્તિનો ખયાલ આવી શકશે. એનાં ચિત્રોમાં આયાસ નહિ પણ ઊંડા અભ્યાસથી પ્રકટેલી સ્વાભાવિકતા નજરે ચડે છે. ચીન-જાપાનની કળાથી નહિ ટેવાએલી આંખો પણ એનાં ચિત્રો સરળતાથી માણી શકે છે. □

ꝏ

ઈ. ૧૮૯૧માં રાજ્યની લૉટરીનું ૧,૦૦,૦૦૦ ફ્રાંકનું ઇનામ મળતાં ક્લૉડ મૉનેતની આર્થિક સ્થિતિ સધ્ધર બની ગઈ અને એ પોતાની ઇચ્છા પ્રમાણેનું જીવન જીવી શક્યો. મતલબ, ફ્રાંસના ગ્રામ-પ્રદેશોમાં મન ફાવે તેમ રખડપટ્ટી કરી તેણે તેનાં ચિત્રો કર્યાં.

ꝏ

આ મૉનેત એક વાર પોતાના વતનમાં એક વિશાળ ઑક વૃક્ષનું ચિત્ર બનાવતો હતો. હવામાન બગડતાં ત્રણેક સપ્તાહ તેને એ કામ બંધ રાખવું પડ્યું, અને પછી જ્યારે તે ફરી ચિત્ર દોરવા ગયો ત્યારે એ વૃક્ષ નવાં ઊગેલાં પાનથી છવાઈ ગયું હતું. મૉનેતે ગામના મેયરને વિનતિ કરી અને એણે માણસો એકઠા કરી એ વૃક્ષ પરથી એકએક પાન તોડાવી નાખ્યું ને પછી મૉનેતે તેનું ચિત્ર પૂરું કર્યું.

ꝏ

લીઓનાર્દો દ વિન્સી જેના માટે એ વિખ્યાત છે એ એની બધી જ પ્રતિભા તેનામાં ન હોત તો યે પોતાના દેખાવડાપણા બદલ પણ એ ખ્યાત બની રહેત, કારણ જે કોઈએ એને જોએલો એ સૌ એને એ સમય સુધીના બધા માણસોમાં સૌથી વધુ દેખાવડો હોવાનું કહેતા.

સ્નેહલ સદ્‌ભાવ

હિમા યાજ્ઞિક

સૌ શબ્દનું કૌટુંબિક જીવન એટલે તદ્દન તળપદી શૈલી. સહજતા, સરળતા અને સહ્રદયતાથી ભર્યુંભર્યું છતાં રૂક્ષતા પણ જોવા મળે. અલ્લડતા છતાં નિર્દોષ એવી એ જીવનશૈલી. જેને ફાવે તેનું હ્રદય આ જીવનનો નેહ-નેડો ન છોડે. જે તેને સમજી ન શકે, જીરવી ન જાણે કે પચાવી ન શકે તેને ઉબ પણ આવે.

સૌરાષ્ટ્રની સાચુકલી કોમના કુટુંબની વ્યાખ્યા પણ એવી જ કઠોર અને પોતીકી. અહીં બપોરા જમવાના હોય કે રાતનું વાળુ, જે કોઈ હાજર હોય તેણે જમવામાં ભળી જ જવાનું. એ સમયે વાત કે કામ છોડીને પોતાને ઘેર જમવા ચાલ્યા જવું એ અહીં હીણું લેખાય. એકબીજાની ગરવાઈ સાચવવાની પણ અહીં આવડત ખરી. મોટાં મન પાસે રોટલાની સંકડાશ અહીં ક્યારે ય વરતાય નહિ.

જૂનાગઢનું અમારું કુટુંબ ઘણું બહોળું. કુટુંબ એટલે જે કોઈ ઉંબરો વળોટી ઘરમાં આવે તે બધાં જ. પરિણામે ઘરકામ કદી ઉંબરો ઓળંગી ઘરની બહાર જવા જ ન પામે. ચોવીસે કલાક એ કામ પહોંચે, અને ઘરનાં સમગ્ર સ્ત્રીવર્ગનો તેમાં સાથ પણ હોય જ. અલબત્ત, દિવસ આખો કામ ખરું, પરંતુ એ પ્રત્યેક પ્રવૃત્તિમાંથી આનંદ-ઉત્સાહ ને રમૂજ ઉત્પન્ન કરી પ્રફુલ્લિત રહેવાનું. કાઠિયાવાડી નારી આપોઆપ શીખી જાય છે, તેથી જ તો ટીપ્પણી જેવા રાસ રચાયા. જે માણસ ગાતાંગાતાં કામ કરી શકે, અને કામ કરતાંકરતાં ગાઈ શકે છે, તેના હ્રદય પર કામનો બોજ ક્યારેય વરતાતો નથી.

'ભાત તો ગુજરાતીઓ ખાય' એવું કહેનારા કાઠિયાવાડી લગભગ બધા રોટલિયા મહારાજ. એટલે દાદીમાના અવસાન પછી અન્ય ઘરકામની સાથે પચ્ચીસ-ત્રીસ જણની રોટલીઓ બનાવવાનું કામ પણ મારાં માના શિરે આવેલું. સવારના ખાસ્સા બે-અઢી કલાક તેમાં ચાલ્યા જાય. પણ એમાં એમને કંટાળો નહોતો. હાથ રોટલી વણે કે શેકે તેમાં જીભ કે મગજને કંઈ શ્રમ ન લાગે. એમણે એક સરસ પ્રવૃત્તિ શોધી કાઢી. ઘરનાં બાળકો તો જમીજમીને નિશાળ ભેળાં થઈ ગયાં હોય, અને પુરુષવર્ગ પણ ઓડકાર ખાતો ઑફિસે પહોંચી ગયો હોય, પણ માને સાંજના ભાગની રોટલીઓનો થપ્પો બનવવાનો બાકી હોય. જાણે વસ્તી જ ન હોય તેમ એ વખતે ઘર આખામાં શાંતિ હોય.

અમારી બાજુમાં પણ એક મોટું કુટુંબ રહે. તેમાં એક નાનકડો દીકરો સાવ અપંગ. હાથ અને પગ બેઉ વાંકા. હાથ કાંડેથી ગોળ વળેલા, અને પગ-ફૂંડાળું વાળી કોડીએ રમવા ગોઠવ્યા હોય તેવા. પાછળ પીઠમાં યે ખાસ્સી ખૂંધ. જાણે અષ્ટાવક્રનો જ અવતાર. પણ જીભ તદ્દન સ્પષ્ટ અને મગજ પણ તેજસ્વી. તીક્ષ્ણ બુદ્ધિ અને પંગુ શરીર વચ્ચે શી રીતે મેળ બેસારવો તેની સૌને મૂંઝવણ. બિચારો પાંચેક વર્ષનો એ બાળક.

સ્વાભાવિક જ સૌને તેના પ્રતિ સહાનુભૂતિ રહે. મારાં મા પણ તેમાંથી કેમ બાકાત રહી શકે? એમણે એક દરખાસ્ત મૂકી, અને પેલા બાળકની માએ તે વધાવી લીધી. રોજ સવારે એ પોતાના પુત્રને નવરાવી-ધોવરાવી વ્યવસ્થિત કરી ઊંચકીને તેને મારાં મા પાસે મૂકી જાય. ઘરમાં બીજું તો કોઈ ત્યારે હાજર હોય નહિ એટલે મારાં મા અને એ બાળકની જોડી જામે. જોડકણાં, ઉખાણાં, કવિતા ને અંતકડી-ની હારજીતનો બંને આનંદ માણે, અને માના હાથ રોટલીનો થપ્પો ચડાવતા જાય. આમ, મૌખિક શિક્ષણ ચાલ્યા બાદ ઘરનાં અન્ય કામો આટોપવા સાથે એને ભણાવતાં યે જાય.

માની ભણાવવાની રીત પણ મઝાની. બાળકના વાંકા હાથમાં વાંકી પેન પકડાવી વાંકી પાટી રખાવીને મા એને એકડો-બગડો ઘૂંટાવે વાંકા હાથને વાંકી પાટીપેન પણ સીધી લાગે. પછી શરૂ થયું અક્ષરજ્ઞાન. 'ડ' અક્ષર ઉપર જાદુઈ લાકડી આડી નાખે કે થાય 'ક', 'ડ'ને જરાક ચોટિયો ભરે કે વાંકો વળીને 'ઠ' થઈ જાય. તો વળી 'ડ'ના ભાઈબંધ બીજા 'ડ'ની જોડી ગોઠવીને 'હ' ને હેળવી દે. આમ, રમતાંરમતાં બાળપોથી શરૂ થઈ ગઈ.

પછી તો એ બાળક કિશોર બન્યો. ધગશ અને ખંતના સાથથી એ એક પછી એક પરીક્ષા પસાર કરતો ગયો. બાળકબુદ્ધિ સમજણ-શક્તિમાં ફેરવાઈ ગઈ. વિચારશીલ વ્યક્તિત્વ ઘડાવા લાગ્યુ. પાટા પર ચડી ગએલી ગાડી ધસમસતી આગળ ધપવા લાગી. ધીરેધીરે અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યનો પણ એણે સરસ રીતે અભ્યાસ કર્યો. જુવાનને હવે કોઇના અવલંબનની જરૂર પડે ખરી? માનું કાર્ય તો ક્યારનું યે પૂરું થઈ ગયું હતું. અભ્યાસની તાલાવેલીએ તેના જ્ઞાનભંડારને સમૃદ્ધ બનાવી દીધો.

એકવીસ વર્ષના એ યુવાને જ્ઞાતિની એક સભામાં સંસ્કૃતમાં વ્યાખ્યાન આપ્યું. અન્યને ગૂંચવતા અનેક પ્રશ્નોનું એણે નિરાકરણ કરી સૌને સંદેહમુક્ત કર્યા. ત્યારે મારાં મા અને તે યુવાનની માના સ્મૃતિપટ પર પંદર વર્ષ પૂર્વેના પ્રસંગો તરવરતા હતા. લોકોની વાહવાહ વચ્ચે માનભેર બેઠેલા એ યુવાનની પ્રગતિનો આનંદ અને આત્મસંતોષ બંનેની આંખોમાંથી ટપકતો હતો.

પાયાની ઇંટ બનવાનું ગૌરવ જેવું તેવું નથી, તેમ આંગળી ચીંધ્યાનું પુણ્ય પણ ઓછું નથી. હકીકતે તો આ બંને પુણ્ય જ સૌથી મોટાં છે. દરેક માણસે કંઈ સમાજસેવકનો ઝંડો લઇને બહાર સેવા કરવા નીકળવાની જરૂર નથી. સેવા તો સૌની, સૌ થકી અને સૌને માટે જ હોઈ શકે.

જેમ દરેક વ્યક્તિ પોતાનું ઘરઆંગણું સાફ રાખે અને પોતાનો કચરો શેરીમાં કે બીજાના ફળિયામાં નાખવાની હીન પ્રવૃત્તિ ન કરે તો શેરી આખી સાફ જ રહે. અને તો પછી ગ્રામસફાઇનો ભવ્ય કાર્યક્રમ ગોઠવવાની જરૂર ન પડે પ્રત્યેક વ્યક્તિ આમ ઘર, કુટુંબ કે શેરીનાં માણસોને મદદ કરવાનો આશય રાખે, સેવા કરવાનો સ્વભાવ રાખે, અરે પોતાને કારણે બીજા કોઇને તકલીફ ન પડે કે કોઈનું મન ન દુભાય એટલો ખયાલ રાખે તો મને નથી લાગતું કે અપંગાશ્રમો કે વૃદ્ધાશ્રમોની ઈમારતો ચણવી પડે.

ઘરઆંગણની સુરક્ષિત દીવાલ તૂટે ત્યારે જાણવું કે માણસાઇને બાળવાનું સ્મશાન નજીકમાં જ ક્યાંક છે. □

બ્રિજ અને શતરંજ

સુરેશ મોદી

આ વખતે આપણે એક લિટલ સ્લામના કૉલવાળો કોયડો જોઈશું.

S —
H A
D J 10 9 8 7
C A Q 10 9 8 7 2

S A K 9
H Q J 7 6 5
D Q 5 4 3
C 3



S 5 4
H 10 9 8 4 3 2
D —
C K J 6 5 4

S Q J 10 8 7 6 3 2
H K
D A K 6 2
C —

કૉલ : દક્ષિણનો. 6 ચોકટ. ઊતર : પશ્ચિમની C 3.

કોયડો : ઉત્તર-દક્ષિણ કૉલ પૂરો કરે.


કુલ્લીની તીરી ઉપર ઉત્તર કયું પાનું રમે છે તે અગત્યનું નથી. ઉત્તર અને પૂર્વ ગમે તે રમે, પણ દક્ષિણ ચોકટની દુરીથી કાપીને, કાળીની રાણી રમે. પશ્ચિમ તેના ઉપર એક્કો રમે. ઉત્તર તેને કાપીને ચોકટના રાજાથી દક્ષિણને હાથ આપે. દક્ષિણ કાળીનો ગુલામ રમે. તેના ઉપર પશ્ચિમ રાજા ઊતરે અને ઉત્તર ફરી કાપીને દક્ષિણને ચોકટના એક્કાનો હાથ આપે. દક્ષિણના કાળીના દસ્સા ઉપર ઉત્તર લાલનો એક્કો (!) ફેંકી દે. અને હવે દક્ષિણ કાળીનાં પાનાંના હાથ લેવાની શરૂઆત કરે. જ્યાં સુધી પશ્ચિમ ન કાપે ત્યાં સુધી ઉત્તર પણ કુલ્લી ફેંકતો રહે. જ્યારે પશ્ચિમ કાપે ત્યારે તે હલકા પાનાથી કાપે તો તેના ઉપર ઉત્તર ભારેથી કાપી કુલ્લી ઊતરે. દક્ષિણ તેને પોતાના છેલ્લા હુકમથી કાપીને કાળી ઊતરે. પશ્ચિમ ધારે ત્યારે ચોકટની રાણીનો હાથ મેળવી શકે, પણ પછી તેની પાસે ઊતરવા માટે ફક્ત લાલ હોવાથી દક્ષિણના રાજાને હાથ આપવો પડે. દક્ષિણ બાકી રહેલી કાળીના હાથ લઈ શકે.

પશ્ચિમ જો રાણીથી પહેલાં કાપે તો પણ ઉત્તર તેના ઉપર તેનો છેલ્લો હુકમ ફેંકી હવે તે લાલ કે ચોકટ ગમે તે ઊતરે. દક્ષિણ તેમાં હાથ મેળવી આકીના બધા હાથ કરી લે.

આ રીતે પૂર્વ-પશ્ચિમને ફક્ત હુકમની રાણીનો એક જ હાથ મળે, અને ઉત્તર-દક્ષિણના ૧૨ હાથ થાય. આ સુંદર કોયડાના રચયિતા છે મોરિસ વેબર, જેનો એક સુંદર કોયડો આપણે અગાઉ પણ જોયો છે.

આ પણે છેલ્લાં બે કૉમ્બિનેશન્સમાં ઊંટ અને ઘોડાના સહકારથી થતા મ્હાત જોયા હતા. તે બન્ને કૉમ્બિનેશન્સ ટૂંકાં અને સરળ હતાં. આ વખતે ભૂતપૂર્વ વિશ્વવિજેતા અલેખાઈનની રમતમાંથી એક સુંદર કૉમ્બિનેશન જોઇએ. અહીં પણ કાળા વજીરનો ભોગ આપીને ઊંટ અને ઘોડાથી મ્હાત કરવામાં આવે છે. પણ તે પહેલાં તૈયારી રૂપે ચારેક ચાલ ચલાય છે જેથી દર્શાવેલી સ્થિતિમાં તે જોવું એટલું સરળ નથી.

Alekhine



Torres

કાળાએ રમવાનું

1 ..., P–Q5 ! પ્યાદાને આગળ વધારવા માટે જોઇતો કાબૂ તેની પાસે નથી. સફેદનાં ચાર મ્હોરાંનો પ્યાદા પર હુમલો આવે છે અને સફેદ પાસે પોતાના રક્ષણ માટે ત્રણ જ મ્હોરાં છે.

2 P×P, **P×P**; 3 B×P; B×B; 4 **R×B**, **R×R**; 5 **N×R**.

કાળાએ પ્યાદુ ગુમાવ્યું પણ તેના QN2 પરના ઊંટનો **રસ્તો** ખુલ્લો થયો. 5 ..., Q×N !

પ્યાદાના ભોગ પછી હવે વજીરનો ભોગ! 6 P×Q, N–B7–dbl. ch; 7 K–N1. અને હવે આપણે આ પહેલાંનાં બે કૉમ્બિનેશન્સમાં જોયા છે. તેવા મ્હાત માટે યોગ્ય પરિસ્થિતિ સર્જાઈ છે.

7 ..., N×P mate.

1 ..., P–Q5 ! રમતી વખતે આ અંતની મ્હાતની પરિસ્થિતિ જોઈ હશે જ. કૉમ્બિનેશન રમનાર અલેખાઈન હોવાથી તેમાં શંકાને કોઈ સ્થાન નથી જ. □



ગરુડ

હસમુખ વ્યાસ

સામાન્ય રીતે દરેક દેવનાં મૂર્તિ-સ્વરૂપની સાથોસાથ તેનાં આયુધ અને વાહનોનું પ્રતિમાવિધાન પણ મૂર્તિશાસ્ત્રના પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે. કોઈ પણ દેવને જેમ તેના અલંકાર, વસ્ત્રો ને આયુધોથી જાણી શકાય છે તેમ તેનાં વાહન, જો હોય તો તેના આધારે પણ ઓળખી શકાય છે. પ્રાયઃ પ્રત્યેક પ્રમુખ દેવ-દેવી કોઈ ને કોઈ વાહન–પશુ-પક્ષી ધરાવતાં હોય છે. આવું જ એક વાહન છે ગરુડ.

ભગવાન વિષ્ણુના વાહન તરીકે પ્રખ્યાત ગરુડની જીવનકથા છે, પણ તે અહીં અપ્રસ્તુત છે. સામાન્ય રીતે તેનાં બે સ્વરૂપની પ્રતિમાઓ મળે છે: (૧) વિષ્ણુ સાથે સંલગ્ન અને (૨) સ્વતંત્ર. વિષ્ણુના વાહન સ્વરૂપે હોય ત્યારે ખભા પર વિષ્ણુ અને તેમના બે પગ ગરુડની હથેળી પર હોય છે. અને ગરુડના બીજા બે હાથમાં છત્ર તથા અમૃતકુંભ. વિષ્ણુથી સ્વતંત્ર ગરુડની પ્રતિમામાં બે હાથમાં છત્ર અને અમૃતકુંભ તથા બીજા બે હાથ અંજલિમુદ્રામાં હોય છે. (ડૉ. વાસુદેવ ઉપાધ્યાય, 'પ્રાચીન ભારતીય મૂર્તિવિજ્ઞાન', પૃ. ૨૭) વિષ્ણુ-મંદિરની આગળના સભામંડપમાં અંજલિમુદ્રામાં તેની ચતુર્ભુજ પ્રતિમા જોવા મળે છે. ક્વચિત અષ્ટભુજ પણ હોય. એક અન્ય વિધાન પ્રમાણે તેને બે હાથ, ચાંચના જેવું નાક અને આશ્ચર્યજનક પર્ણો હોય છે. તદુપરાંત 'શ્રી તત્ત્વનિધિ'ના વર્ણન પ્રમાણે તેનો ડાબો પગ ઘૂંટણિયે, માનવ-સ્વરૂપનું શરીર, નાક મોટું અને બે હાથ અંજલિ મુદ્રામાં હોય છે. (ડૉ. પ્રિયબાળા શાહ, 'હિન્દુ મૂર્તિવિધાન', પૃ. ૨૬૯)

ગરુડનું નામ અને કામ પ્રાચીન સમયથી સાંપડે છે. મહાભારતમાં (આદિપર્વ, અધ્યાય ૪૮) ગરુડે અમૃત લાવ્યાનું વર્ણન મળે છે, પણ, વિષ્ણુના વાહન તરીકે તે ગુપ્ત સમયથી સ્વીકારાયું હોય તેમ લાગે છે. ચોથી સદીથી ગુપ્ત સિક્કાઓ પર પણ તેની આકૃતિ જોઇ શકાય છે. (ડૉ. વી. ઉપાધ્યાય 'પ્રા. ભા. મૂર્તિવિધાન' પૃ. ૧૦૬.) આ સમયથી તેમની બંને પ્રકારની અર્થાત્ વિષ્ણુ સાથેની તેમ જ સ્વતંત્ર મૂર્તિઓ મળતી રહી છે. અલબત્ત, ગુજરાતમાં આનું પ્રમાણ અલ્પ છે.

પ્રસ્તુત મૂર્તિ ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામની કાળુભાર નદીના સામા કિનારે આવેલા ઘોળનાથની પ્રાચીન જગ્યાએથી મંદિરના પ્રાંગણમાં વડ નીચે પડેલી વિભિન્ન મૂર્તિઓમાંથી સાંપડી હોઈ તેનું મૂળ સ્થાન નિશ્ચિત નથી. સંભવ છે નદીમાં તણાઇ પણ આવી હોય અને કોઈએ તેને અહીં મૂક્યા હોય.

કદમાં ૧૩×૧૨ સે.મી.નું માપ ધરાવતી પથ્થરની આ મૂર્તિ વિષ્ણુ સાથે સંલગ્ન હોવાનું ચોક્કસપણે કહી શકાય તેમ છે. તેના મસ્તક ઉપરની બન્ને બાજુના ભાગ ચોક્કસ પ્રમાણમાં ખંડિત છે; જે ત્યાં વિષ્ણુ બિરાજતા હશે તેમ દર્શાવે છે. વળી, ડાબી બાજુના ખંડિત હાથની મુદ્રા ગરુડ ઉપર બેઠેલા વિષ્ણુનો પગ રાખવા માટે હોય તેમ કહી શકાય. તો જમણો હાથ મૂળમાંથી જ ખંડિત છે. સંભવ છે કે ઉપર બેઠેલા વિષ્ણુથી અલગ પડતાં (કે પાડતાં) તે હાથ તૂટી જવા પામ્યો હોય.

વીરાસન મુદ્રામાં બેઠેલા ગરુડની સંપૂર્ણ રેખાકૃતિ માનવ સ્વરૂપની છે. ગોળ અને ભાવસ્થ ચહેરો, ધ્યાનસ્થ આંખો. સહેજ અણિયાળી દાઢી, અધોવસ્ત્રની પાટલીની કરચલીઓ; ડાબા હાથ પર લટકતો ઉત્તરીયનો છેડો, ગળામાં પહેરેલો બે-સેરો હાર; મસ્તક ઉપરનો પાઘડી જેવો ગોળાકાર વગેરે સ્પષ્ટ જોઈ શકાય છે. ગુપ્ત શૈલીની અસર ધરાવતી આ પ્રતિમા પાંચમી-છઠ્ઠી સદીની ગણી શકાય. □

લઘુકથા] છોકરા [રમેશ ત્રિવેદી

છોકરાઓએ એનું નામ ઘુવડ પાડ્યું હતું. એ જ્યારે પોળમાં આવતો–જતો હોય ત્યારે છોકરા એમની રમત થંભાવીને પણ એની સામે ટીકીટીકીને જોયા કરે, દંતકથાના કોઈ પાત્રને જાણે નજરોનજર જોતા હોય એ રીતે. ને પછી તો કોઈ કોઈ વાર એ બધા ભેગા મળીને એ માણસના ઘરની બારીએ મધપૂડો રચી દઈ અંદર ડોકિયું યે કરતા, ને 'એ આયો' કહી બૂમ મારતા પોળની ગલીઓમાં દોડાદોડી કરી મૂકતા, ત્યારે પોળનું કોઈ ને કોઈ માણસ એમને ધમકાવતું: 'હયા, બારકસો! કો'ક દા'ડો એકાદ ઝડપાઈ ગયો, તો જોજો, વલા થાય એ! ઊંઘવા દો બિચારાને...'

હા, એ માણસ અમારી પોળમાં બેએક મહિનાથી રહેવા આવ્યો હતો. રાતપાળીમાં ક્યાંક નોકરીએ જતો. ડાબી બાજુએ નમેલો ખભો, લંગડાતો પગ, માથાના ખીચડિયા વાળ, ઘુવડ જેવી તગતગતી આંખો. એનો આખો દેખાવ જ એવો હતો કે છોકરાંની જેમ અમે મોટેરાઓ પણ ક્યારેક એની સામે જોયા કરતા.

પછી તો ક્યારેક રજાના દિવસે છોકરા એ માણસના એકદાંડિયા મહેલ જેવા અંધારિયા મકાનમાં ઘૂસવા લાગ્યા. મોડે સુધી ગોષ્ઠિઓ ચાલતી, ને પછી સિમસિમ કરતું બારણું ખૂલતું, ને બંધ મુઠ્ઠીઓમાં કશુંક કૌતુક જેવું ભરીને છોકરા બહાર દોડી આવતા. અમે ઘણી વાર છોકરાઓને બીક બતાવતા કે, 'હાળાઓ, કો'ક દા'ડો આ અજાણ્યો માણસ એકાદ છોકરાને લઈ હેંડતો થશે, તો શું કરશો? જોતા નથી, છાપાંમાં કેવાકેવા સમાચાર આવે છે?' ને છતાં ય છોકરા તો કોઈનું માનતા નહિ, અમારો ઠપકો ને શિખામણો નકામાં જતાં. અમને ઘણાંને થતું કે આ માણસનો મકાનમાલિક તો અહીં રહેતો નથી એટલે એને તો કોઈ ચિંતા નથી, પણ પોળના લોકોને કેટલી ચિંતા! આવા અજાણ્યા માણસો કોઈ વાર કોઈના છોકરાને ભોળવીને રસ્તે પડે ત્યારે!?

અમે બે-ત્રણ જણે એ માણસના મકાનમાલિકને મળવા જવાનું નક્કી કર્યું. પણ યોગાનુયોગ બીજે દિવસે એ માણસ મરી ગયો. કહે છે કે ઊંઘની ગોળીઓ વધારે પ્રમાણમાં લેવાઈ હતી ને એ ખલાસ થઈ ગયો હતો. એ માણસની આગળપાછળ કોઈ હોય એવું લાગ્યું નહિ એટલે અમે પોળના લોકો જ એને બાળી આવ્યા.

રાતે અમે સૌ મોટેરાઓ પોળના ચોકઠામાં ભેગા મળીને એ અજાણ્યા માણસ વિષે જાતજાતના તર્કવિતર્ક કરી રહ્યા હતા ત્યારે અમારા સૌના આશ્ચર્ય વચ્ચે પોળના છોકરાઓએ ચોકઠાના એક ખૂણામાં ભગવાનનો ફોટો મૂકી, દીવો પ્રગટાવી પેલા અજાણ્યા માણસની પાછળ ભજનધૂન શરૂ કરી હતી. □

પોયણાં સાથે સવાર

પ્રફુલ્લ રાવલ

સૂર્યોદય જોવાની ઝંખના સતત રહ્યા કરે છે. એનો મોહ પણ છે. છતાં ય પ્રત્યેક સવાર મારાથી સરકી જાય છે. સૂર્યોદય જેટલી જ ઇચ્છા એ ટાણે પોયણાં જોવાની છે. પણ નિદ્રારાણી કેમેય છોડતી નથી. સૂર્ય સહેજ તપે પછી જ મારું વિશ્વ જાગે છે. છતાં યે પોયણાંના દર્શનની મારી ઝંખના યથાવત્ સુષુપ્ત પડી છે. પણ આજે એ ઇચ્છા પરિપૂર્ણ થઈ. નોમ હતી, અને તે ય અજવાળી. કોણ જાણે કેમ પણ મને તિથિઓમાં નોમ વિશેષ પ્રિય છે.

ગામના તળાવ પછી પાકી સડક છે. સડકની બંને બાજુએ પાણીની નેળ છે. હજુ હમણાં જ વરસાદ પડી ગયો છે, તેથી નેળમાં પાણી છલકે છે. કોઇએ દરકાર લીધી નથી તોય એ પાણી ઉપર પોયણાં છવાયેલાં છે, જાણે રસ્તાની શોભા ન વધારતાં હોય!

પૂર્ણ વિકસિત પોયણું સૌંદર્યનો સંદેશ પ્રસારે છે – નિર્મળ પ્રેમનું ગીત ગાય છે. નજર પહોંચે તેટલે સુધી પોયણાંનું સામ્રાજ્ય છે. હું તો જોતો જ રહ્યો. કોણ ઉગાડી જતું હશે આ કુમળાં કળીયુક્ત પોયણાંને અહીં? શું કુદરતને સ્વયં અની સુંદરતા – કમનીયતાને અભિવ્યક્ત કરવાની મનીષા થતી હશે? પ્રકૃતિની પ્રફુલ્લતા જાણે સોળે કળાએ પાંગરતી જોઈ. આનંદ-પરિતોષથી પરિપ્લાવિત થઈ ગયો.

પાણી સ્થિર હતું. ઝાકળ પણ હતી. કેડી પર ક્યાંક ઝાકળનું નાનું જાળું થઇ ગએલું. મેં નીચે બેસી તેને ધરાઇને જોઇ લીધું. ઘડીભર ચુંબન કરવાનું મન થઇ ગયું એક બુચકારો બોલાઈ ગયો. જાળું શરમાઈ ગયું. સૌંદર્ય લુપ્ત થયું. કેવળ ભીનાશ રહી. એ ભીનાશમાં માદકતા હતી. મેં હથેળીથી આછો સ્પર્શ કર્યો. ઘડીભર મારા અંગમાં શાતા વ્યાપી ગઇ. પોયણાં તરફ દષ્ટિ કરી. સહેજ પવન વાયો. પોયણું જમીને જાણે પૂછતું'તું: 'મઝા આવીને!' આંખોથી પોયણાંને ઉત્તર વાળી દીધો, સહેજ વાર બંધ થઈને ઊઘડેલી આંખે સ્થિર પાણીમાં સ્થિત પોયણું જોવું. નજર ત્યાં ચોંટી ગઈ. પોયણાની દાંડી ફરતાં ગોળાકાર પાંદડાંઓ હતાં–લગભગ પૂર્ણ ગોળ થવા મથતાં. છતાં ય પૂર્ણ ગોળ ન થઈ શકતાં. પાણીમાં નજર નાખી, નાનીનાની માછલીઓ દોડાદોડ કરતી'તી. કદાચ સાતતાલી રમતી હશે! મને આજે ય સાતતાલી રમવું ગમે છે. નાનપણમાં એક વાર સાતતાલીમાં પકડાતાં પીઠે જે સ્પર્શ અનુભવ્યો'તો. તેની તાજપ આજે પણ છે. એ સ્પર્શની આકાંક્ષાએ સાતતાલી રમવા ઇચ્છું છું. માછલીઓની ગતિ જોતાં એ સ્પર્શ સજીવન થયો. ક્ષણિક સ્વગત સંવાદે મન પ્રફુલ્લિત થઈ ગયું.

પાણીમાં પોયણાંઓની જાણે કે જાળ પથરાઈ હતી! શ્વેત ને કુમળાં પોયણાં વચ્ચે પીળા રંગની કડક કળીઓ એમાં સ્થિત ફળની ચાડી ખાતી હતી. ક્યાંક કળીઓ પર ઝાકળબિંદુઓ હતાં. સૂર્યનાં કિરણે ચમકતાં મોતી જાણે. પાસે જઇને વીણી લેવાનું મન થાય. સૂર્ય તપે તેમ કળીઓ બીડાતી જાય, લજ્જાથી. મને નાનાલાલની પંક્તિ યાદ આવી ગઈ. 'લજ્જા નમેલું નિજ મંદ પોપચું.' પાસે કૅમેરા હતો થોડીક સુંદરતાને તેમાં ઉતારી લીધી, નિરાંતે માણી શકાય તે માટે. ખીલેલું પોયણું અને સ્થિર પાણીમાં તેનું પ્રતિબિંબ જોઇને થયું કે લાવ પાસેનાં અપૂર્ણ ગોળાકાર પાંદડાંઓને થોડાંક દૂર ખસેવીને પોયણાંના પૂર્ણ પ્રતિબિંબને નીરખું. પાસે જ માટીનાં ઢેફાં હતાં. એક...બે...ત્રણ..મારતો ગયો. પાંદડાં ન ખસ્યાં, પરંતુ એક ઢેફું પોયણાની દાંડીને વાગ્યું. એની પીઠ ભાંગી ગઈ. એની દિશા જ બદલાઇ ગઈ, હવે પોયણું રડતું'તું. હું પણ ગમગીન થઇ ગયો. પ્રફુલ્લિત પોયણું કેવું વિલાઈ ગયું! પોયણાં સાથે ગાળેલી આનંદિત ક્ષણો ચાલી ગઈ. પોયણું મોં ફેરવી ગયું. મને થતું કે જેવો આપણો નિજાનંદ તેવો પોયણાંનો નિજાનંદ પણ હોય ને! કેવી કૃત્રિમ ઇચ્છાએ પ્રાકૃતિક સૌંદર્યને હણી નાખ્યું! એના પર છેલ્લી નજર નાખીને ભારે પગલે મેં ઘર ભણી ચાલવા માંડયું. સૂર્યોદય પૂર્વેની ખુશનુમા હવે ન હતી. પોયણાં બીડાઈ રહ્યાં હતાં. કદાચ મારી જેમ જ ક્યારેક સૂર્યે પોયણાંની સાથે અડપલું કર્યુ હશે, તેથી જ એનાથી રીસાઇને તે બીડાઈ જતાં હશે! અડપલાં કરવા માનવજાતનો સ્વભાવ છે. પરંતુ કુદરત સાથે અડપલાં ન થાય. થોડેક દૂર જઇને પુન: મેં પોયણાં તરફ નજર ફેંકી. ધુમ્મસ નહોતું તો ય મને તે ઝાંખું દેખાયું. મારાથી આંખ બીડાઈ ગઈ. બે અશ્રુબિન્દુઓ ગાલ પરથી સરકીને દડી ગયાં!

◖ એડગર રીટ્ઝ નામના એક ફિલ્મ-દિગ્દર્શકે 'હાઇમાટ' (Heimat–એટલે કે 'ઘર' અથવા 'વતન') નામની એક એટલી લાંબી જર્મન ફિલ્મ બનાવી છે કે જે સતત સોળ કલાક સુધી ચાલે આ ફિલ્મ તૈયાર કરતાં એને પાંચ વર્ષ લાગ્યાં છે, અને તેમાં એણે લગભગ ૩,૨૦,૦૦૦ મીટર જેટલી કાચી ફિલ્મ વાપરી છે. વિવેચકોએ આ ફિલ્મને એક અતિ આકર્ષક ફિલ્મ તરીકે આવકારી છે. આ સદીના આરંભથી શરૂ થતી અને ૧૯૮૨માં નાયિકાના મૃત્યુ સાથે અંત પામતી એક ગ્રામપરિવારની સુદીર્ઘ લાંબી કથાનું તેમાં આલેખન છે. ફિલ્મમાં લગભગ ૪૦૦૦ જેટલાં પાત્રો છે, જેનો અભિનય સંખ્યાબંધ ગ્રામવાસીઓએ આપ્યો છે. મારિટા બ્રુઅર નામની એક અલ્પખ્યાત અભિનેત્રીએ કથા-નાયિકાનું પાત્ર ભજવતાં ૧૯ વર્ષની નવયુવતીથી માંડી ૮૨ વર્ષની વૃદ્ધા સુધીનો સુંદર અભિનય આપ્યો છે. આવતા વર્ષ-૧૯૮૫ના એપ્રિલમાં કદાચ બીબીસી ટેલિવિઝન પરથી પણ આ ફિલ્મ અંગ્રેજી સબટાઈટલ્સ સાથે રજૂ થવાની છે.

◖ આવતા ફેબ્રુઆરીની ૧૫ થી ૨૬ તારીખ દરમિયાન ૩૫મા બર્લિન ફિલ્મ ફેસ્ટિવલનું એક મુખ્ય આકર્ષણ છે 'ફિલ્મમાં સ્પેશિયલ ઇફેક્ટસ'. ફિલ્મમાં આ ટેકનિકનો સૌ પ્રથમ પ્રયોગ થયો ત્યારથી આરંભીને આજ સુધીના તેવા પ્રયોગોનાં ઉત્તમ ઉદાહરણો દાખવતી લગભગ ૬૦ જેટલી ફિલ્મ કે તેના ખાસ અંશો તે વખતે દર્શાવવામાં આવશે. આમાં લોકોને કિંગકોંગ, ફ્રેંકેસ્ટાઈન અને ઈ. ટી. જેવાં પાત્રોને પર્દા ઉપર તો જોવા મળશે જ, એ ઉપરાંત એમાંનાં ઘણાં પાત્રોને પ્રત્યક્ષ પણ જોવા મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

◖ વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા અનુસાર દર વર્ષે ઓછામાં ઓછા પંદર કરોડ માણસો મૅલેરિયામાં પટકાય છે. એમાંના ૮૫ ટકા લોકો મૅલેરિયા પેરેસાઈટના ભોગ બનેલા હોય છે. આફ્રિકામાં દર વર્ષે પંદર લાખ બાળકો આનાથી મૃત્યુ પામે છે. આની સામે એક રસી શોધાઈ છે. મૅલેરિયાનો ભોગ બનનાર વ્યક્તિના શરીરમાં સામાન્ય રીતે એટલું પ્રોટીન નથી હોતું જે મૅલેરિયાના જીવાણુઓને મારી શકે. આ નવી રસી મૅલેરિયાના જીવાણુઓ સામે પ્રોટીનના ઉત્પાદનની પ્રક્રિયાને ઉદ્દીપ્ત કરે છે.







ઇન્ડોનેશિયાના ટાપુઓમાં 'વૉટર મૉનિટર' નામે આઠથી નવ ફૂટ (અઢીથી ત્રણ મીટર) લાંબાં ગરોળા, એટલે કે ગરોળી જેવાં સરીસૃપ પ્રાણીઓ થાય છે. આમાં યે કોમોડો ટાપુના વૉટર મૉનિટર તો એથી પણ વધુ લાંબાં હોય છે. આ પ્રાણીઓ દરિયા કે નદીના કિનારે વસતાં હોઈ પાણીમાં એ બહુ સિફતથી તરી શકે છે. અન્ય નાનાં સરીસૃપો, મરઘાં-બતકાં વગેરે જેને એ પકડી શકે એ બધાંનો આ પ્રાણીઓ શિકાર કરે છે, એટલું જ નહિ, ઝાડ ઉપર ચડી લાગ સાધીને એ ડાળ ઉપર આવતાં પક્ષીઓને પણ મારી ખાય છે. માણસથી એ છેટાં રહે છે, પણ જો છંછેડાય તો એમની સામે યે જુસ્સાથી હુમલો કરતાં ખચકાતાં નથી. ॥ વચ્ચે : દરિયાને તળિયે મોટાં વિકસિત ફૂલ જેવાં દેખાતાં કેટલાંક સી–અનીમોનની દેહરચના એટલી નાજુક હોય છે કે એ પોતાના સ્થાનેથી આઘાંપાછાં થાય ત્યારે ઘણી વાર એમના દેહના અમુક ભાગ પાછળ પડયો રહે છે, અને સમય જતાં એ ભાગ પણ વધીને એક સ્વતંત્ર સી–અનીમોન બની જાય છે. ॥ જમણી બાજુ : પ્રથમ દૃષ્ટિએ દુબળી ભેંસ જેવું લાગતું 'ગ્નુ' નામનું આ પ્રાણી કીન્યા(આફ્રિકા)માં ઑરેંજ નદીના દક્ષિણ તરફના જંગલના ખુલ્લા સપાટ પ્રદેશમાં ટોળાબંધ વસે છે. એનો દેહ અને પગ હરણ જેવા, માથું આખલા જેવું, પૂછડી ઘોડા જેવી અને વાન રાખોડી, ગરદન પર ઘેરા રંગના પટ્ટા તથા માથું ને પૂછડી કાળાં હોય છે. નાકથી પૂછડીના છેડા સુધી એની લંબાઈ આઠેક ફૂટ (લગભગ પોણા બે મીટર) જેટલી અને ખભા પાસે તેની ઊંચાઈ સાડા ચાર ફૂટ (દોઢેક મીટર) જેટલી હોય છે. દેખાવ પરથી એને 'જંગલી ઢોર' કહે છે. પણ એ હરણના વર્ગનું પ્રાણી છે.

ચા, કેરોસીન અને રાખ

ચા તો આજ ઘરઘરનું પીણું હોઈ ઘરમાં તે હોય જ. એ કેટલી ગુણકારી કે કેટલી હાનિકર છે એ વિષે અવારનવાર ચર્ચા ચાલતી જ રહે છે. અતિરેક સર્વથા વર્જ્ય જ છે. એ રીતે ચા વધુ પડતી પીવાથી અગ્નિ મંદ પાડી અપચો પણ કરે છે, અને આ સ્થિતિ અનેક રોગનું કારણ બની શકે. પરંતુ ઓછા પ્રમાણમાં લેવાથી તે અગ્નિ પ્રદીપ્ત કરી આહારનું પાચન પણ કરે છે. વળી, તે કફહર, પરસેવો લાવનાર તથા રોચક પણ છે.

સૂકી ચાની ભૂકી ઘા ઉપર મૂકી પાટો બાંધવાથી લોહી વહેતું અટકે છે, અને ઘા રુઝાય છે. ચામાં રહેલા તૂરા રસને કારણે આ સંભવે છે.

લીલી ચા પણ જાણીતી છે. ઊલટીમાં તેનો રસ ફાયદાકારક છે. લોહીના ઓછા દબાણવાળા માટે આ લીલી ચાનો ઉકાળો વધુ યોગ્ય છે. પરસેવો લાવી તાવ ઉતારવામાં, પેટની ચૂંક શમાવવામાં, શરદીમાં આ ઉકાળો ગુણકારી છે. શરદીમાં તો લીલી ચાનો નાસ પણ લઈ શકાય.

ચાની માફક દરેક ઘરમાં કેરોસીન પણ હોય જ. જંતુઘ્ન હોઈ માંકડ, મચ્છર, વાંદા, ઉધઈ જેવી જીવાતોને દૂર કરવા કેરોસીનનો છંટકાવ કરી શકાય છે. આ જ રીતે સાંધાના ને વાના દુખાવા તેમ જ સોજા ઉપર કેરોસીનનું માલિસ કરી શકાય છે. અકસ્માત કેરોસીન પીવાઈ ગયું હોય તો તુરત ઊલટી કરાવી ચિકિત્સકની સહાય લેવી.

રાખ પણ હજી ઘણાં ઘરોમાં ઓછીવત્તી મળી રહે. વાસણો માંજીને તેને ઊજળાં કરવા ઉપરાંત તેના ય કેટલાક ઘરગથ્થુ ઉપયોગો છે. અનાજ-કઠોળ સાથે રાખ ભેળવીને રાખવાથી તેમાં ધનેડાં વગેરે જેવી જીવાત પડતી નથી. આ અનાજ-કઠોળ બરાબર ચાળીને પછી વાપરવાં. અવનવી ને ઝેરી દવાઓનો ઉપયોગ કરવા કરતાં આ રીતે રાખનો વપરાશ વધુ સલામત છે. આ જ રીતે ચોમાસામાં કીડી-મકોડા ઉભરાય ત્યારે ડી. ડી. ટી. જેવી ઝેરી દવાઓ કરતાં રાખ છાંટવી વધુ યોગ્ય છે. ફૂલછોડનાં કૂંડાંમાં કે બગીચામાં પણ ખાતર સાથે રાખ ભેળવવાથી કીડી-મકોડા જેવી જીવાત થતી નથી, અને ખાતર તરીકે પણ રાખ કામ આપે છે.

શરીર ઉપર શીળસનાં ઢીમણાં થઈ આવીને ખજવાળ ઊપડે છે તેમાં યે રાખ ચોળવાથી શીળસ બેસી જાય છે. આમાં પણ અડાયા છાણાંની રાખ ઉત્તમ ગણાય છે. આયુર્વેદિક ઔષધોમાં વપરાતી ભસ્મો એ પણ જે તે ઔષધીય પદાર્થોની રાખ જ છે. માંજવામાં કે ખાતરમાં વપરાતી રાખ સિવાય બીજા બધા ઉપયોગમાં રેતી-માટી ભળ્યા વિનાની રાખ જ વાપરવી. **–વૈદ્ય નવીનભાઈ ઓઝા**

[બે લઘુકથાઓ]

સાર્થકતા

તાળીઓના ગડગડાટથી હૉલ ગાજી ઊઠયો 'કબૂલાત' નાટકના અંતિમ દૃશ્યમાં નાયકે સાચા અંતઃકરણથી કરેલી કબૂલાતથી સમગ્ર પ્રેક્ષક સમુદાય ભાવાવભોર બની ઊઠયો હતો.

સ્ટેજના ખૂણે ઉપસ્થિત મનોહર પ્રેક્ષકોના આ પ્રતિસાદથી પુલકિત થઈ ઊઠયો હતો. પોતાનું જ નાટક, પોતાનું જ દિગ્દર્શન અને પોતાના જ મુખ્ય અભિનયને ત્રેવડો યશ મળ્યો હતો. અને હવે શરૂ થવાની હતી પ્રવચનોની ઝડી.

સૌ પ્રથમ શાળાના આચાર્યશ્રીએ, પછી મંત્રીશ્રીએ અને તેમના પછી પ્રમુખશ્રીએ પ્રવચનો કર્યાં. તેમાં શાળાની સિદ્ધિઓનાં વર્ણન, વહીવટી ક્ષમતાઓ, ભાવિ કાર્યક્રમો ને રાજકારણના રંગો પુરાએલા હતા. પણ આ સાંસ્કૃતિક કાર્યક્રમને સફળ બનાવનાર તથા પૂરા દોઢ મહિનાથી ધગશ અને ઉત્સાહથી કામ કરનારાઓનો નામોલ્લેખ સુધ્ધાં ન હતો. સ્ટેજની વિંગ પાસે ઊભા રહેલા મનોહરનું હૈયું રડી ઊઠયું : 'અરે, આટઆટલી મહેનત કરી છતાં આભારના બે શબ્દો પણ નહિ ?' તેનું ખિન્ન મન વિદ્રોહ પોકારી રહ્યું હતું.

એ જ સમયે પાંચમા ધોરણમાં ભણતા નાનકડા દીપકે તેનો હાથ ખેંચ્યો. વિચાર-તંદ્રામાંથી જાગ્યો, મનોહરે પૂછ્યું, 'શું છે બેટા ?' દીપકની આંખમાં આવી રહેલાં અશ્રુબિંદુઓ અટકી પડયાં. ફાટેલી ચડ્ડીના ખિસ્સામાંથી એક પેન કાઢતાં તેણે તૂટક અવાજે કહ્યું : 'સર, ગઈ કાલે મારી બાજુવાળા વિદ્યાર્થીની પેન...મેં...ભૂલમાં લઈ લીધી હતી...તે...આ...'

આગળના શબ્દો તે બોલી શકયો નહિ. મનોહરે તેને બથ ભરીને ઊચકી લીધો અને ભાવવિભોર થઇને બોલ્યો : 'વાહ ! મારું નાટક સાર્થક થયું. હવે ભલે કોઈ આભારના બે શબ્દો...' પણ એ આગળ બોલી ન શકયો. એની આંખોમાંથી અશ્રુબિંદુઓ ટપકતાં દીપકની પીઠ પખાળી રહ્યાં.

— મહેશચંદ્ર ત્રિવેદી

ફોટો

આજ પણ મંદાએ મારા હાથમાંથી મૅગેઝિન ઝૂંટવી લીધું. બીજા રૂમમાં જઈ ઝડપથી પાનાં ફેરવવામાં એ મગ્ન બની ગઈ. મંદા લગભગ રોજ કોઇ ને કોઇ મૅગેઝિનનું નામ સૂચવતી અને સાંજે આતુરતાપૂર્વક મારા આવવાની રાહ જોતી. જે દિવસ મારા હાથમાં તેણે મગાવેલું મૅગેઝિન ન હોય તે દિવસે તેનો મૂડ બગડી જતો.

હું ઘણી વાર તેની સામે બેસતો પણ તેનું ધ્યાન તો મૅગેઝિનનાં પાનાં ઉથલાવવામાં જ પરોવાયેલું રહેતું. એકએક પાનું એ ધ્યાન-પૂર્વક જુએ, એ જોતી વખતે આરંભમાં તેનો ચહેરો પ્રફુલ્લિત હોય. પણ જેવું મૅગેઝિન પૂરું થઈ જાય કે તુરત તેના મુખ પર નિરાશા પ્રસરી જાય. હું તેની સામે જોઈ રહું પણ તેને કંઈ પૂછવાની હિંમત મારામાં રહેતી નહિ.

પરવારીને હું રૂમમાં દાખલ થયો ત્યારે મંદા મૅગેઝિનનું એક પાનું ધારીધારીને જોઇ રહી હતી. ખુશીથી તેનો ચહેરો મલકતો હતો. તેની આંખોમાંથી અશ્રુઓ સરવા લાગ્યાં. તે મૅગેઝિન લઇને મારી પાસે આવી અને બોલી : 'જુઓ, જુઓ આ ફોટો બિલકુલ આપણા પિન્ટુ જેવો જ છે, નહિ ? પિન્ટુના જેવી જ આંખો, નાનુંનાનું નાક, હોઠ બધું આપણા પિન્ટુના જેવું જ છે. મારા પિન્ટુડા......' તેણે ફોટાને ચૂમીઓથી નવડાવી નાખ્યો.

કાશ...મેં પિન્ટુનો ફોટો પડાવવાની તેની જિદ્દ પૂરી કરી હોત તો......

— કોકિલા એ. શાહ

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

ઈ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યવિપ્લવના વીસરાઈ ગએલા વીરોમાંના એક બરેલીના મુહંમદઅલી હતા. ઉચ્ચ કુટુંબમાં જન્મેલા મુહંમદઅલી અંગ્રેજી ભાષા ને યુરોપીય રહેણીકરણીથી સારી પેઠે પરિચિત હતા, એટલે તો નેપાળના મહારાજા તેમને પોતાની સાથે યુરોપ લઈ ગયેલા. ત્યાર બાદ નાનાસાહેબ પેશવાનો કેસ લડવા તેમના વકીલ અઝીમુલ્લાખાં સાથે તે ઇંગ્લંડ ગયેલા. પાછા આવતાં દેશમાં શરૂ થયેલા સ્વાતંત્ર્યવિપ્લવમાં ભાગ લઈ બરેલીથી દિલ્હી ઊપડેલી સૈનિક ટુકડીમાં એ પણ હતા. મુગલ સમ્રાટ બહાદુરશાહે તેમને ફોજના મુખ્ય ઇજનેર નીમ્યા.

દિલ્હીના પતન બાદ તે લખનૌ પહોંચી ગયા, જ્યાં અંગ્રેજો સામે મંડાએલો મજબૂત મોરચો તેમના જ કૌશલને આભારી હતો. કાનપુરના પતન બાદ અંગ્રેજોનું સૈન્ય લખનૌ ભણી આગળ વધી રહ્યું હતું ત્યારે તેના સંખ્યાબળ, શસ્ત્રબળ વગેરેની જાણકારી જરૂરી બનતાં તેમણે એ જવાબદારી સ્વીકારી અને સામાન્ય ફેરીવાળાનો વેશ સજી અંગ્રેજ છાવણીઓમાં 'કેક, ડબલરોટી, બિસ્કિટ'ની બૂમો પાડતા ઘૂમવા લાગ્યા. આગળ પોતે અને પાછળ માથે પેટી મૂકીને ચાલતો નોકર. સેનાધિકારી ફ્રોબિસ મિચેલે તેને સૈનિક છાવણીઓમાં ઘૂમવાની છૂટ કોણે આપી એ પૂછતાં તેણે જણાવ્યું, 'સેનાપતિ હોપ ગ્રાન્ટે.' તેનું અંગ્રેજીનું જ્ઞાન ચકિત કરે તેવું હોઈ મિચેલે તેને તે ક્યાંથી શીખ્યો એવું પૂછતાં તેણે જણાવ્યું. 'મારા પિતા અંગ્રેજી સેનામાં ખાનસામા હતા, એમની પાસેથી, પછી તો વાતવાતમાં મિચેલ પાસેથી સેનાની ઘણી વાતો મેળવી, જતી વખતે તેની પાસેથી વાંચવા માટે અંગ્રેજી અખબાર પણ માગી લીધું'.

પરંતુ એ કેકવાળો નહિ પણ ભારતીય વિપ્લવીઓનો જાસૂસ હતો એનો અંગ્રેજોને પત્તો લાગી ગયો. એની ધરપકડ કરી એ જ વખતે સૈનિક અદાલતમાં કેસ ચલાવી ફાંસીની સજા ફરમાવવામાં આવી. એ વખતે લગભગ મધરાત થઈ ચૂકી હોઈ, બીજે દિવસે ફાંસી અપાય ત્યાં સુધી આ કેકવાળાને સેનાધિકારી મિચેલના હાથમાં સોંપવામાં આવ્યો. મિચેલે તેના પર કશો જુલમ થવા ન દેતાં રાતભર તેની સાથે વાતો કર્યે રાખી.

કેકવાળાએ મિચેલ સમક્ષ કબૂલ કર્યું કે પોતે અન્ય કોઈ નહિ, પરંતુ બરેલીના જાણીતા વિપ્લવી મુહંમદઅલી છે. મિચેલને તેણે જણાવ્યું, 'તમારી પાસેથી વાંચવા લીધેલા અખબાર પરથી એ જાણવા મળ્યું છે કે ભલે અમે દેશને આઝાદ કરવામાં સફળ ન થયા, પણ ઈસ્ટ ઇંડિયા કંપનીની આ દેશ પરની સત્તા ખત્મ કરવામાં તો અમે સફળ થયા જીએ.' મિચેલે અંગ્રેજ સ્ત્રીબાળકોની હત્યા વિષે પૂછતાં મુહંમદઅલીએ જવાબ આપેલો કે, 'નાનાસાહેબ તો તેમની રક્ષા કરવા માગતા હતા, પણ બિગમ (હુસેનીખાતૂન)ને એ માન્ય નહોતું, તેમણે બહારથી માણસો બોલાવી તેમની કત્લ કરાવેલી.'

વાતમાં ને વાતમાં રાત વીતી ગઈ અને કૂકડાએ બાંગ પોકારી એટલે મુહંમદઅલી એક ઊંડો શ્વાસ લેતા બોલ્યા, 'નસીબની બલિહારી તો જુઓ! જે ત્રીજી હાઇલૅન્ડર ટુકડીનો આજે હું કેદી છું એ જ ટુકડીએ નેપાળના મહારાજા સાથે હું સ્કૉટલૅન્ડ ગયેલો ત્યારે મને સલામી આપેલી. અને આજે એ જ મને ફાંસીએ લટકાવશે!'

કાનપુર-લખનૌ માર્ગ પર મુહમ્મદઅલીને ઉન્નાવ નજીક ફાંસી આપવામાં આવી. એમની સાથે થયેલી તમામ વાતચીત મિચેલે પોતાના 'મહાન વિપ્લવનાં સંસ્મરણો'માં નોંધી છે.

કૂતરો અનાદિકાળથી માનવીનો વફાદાર મિત્ર રહેતો આવ્યો છે. ધર્મરાજ ગણાતા યુધિષ્ઠિરે તો પોતાના કૂતરા વિના સ્વર્ગમાં રહેવાની પણ ના પાડી દીધી હોવાનો ઉલ્લેખ મહાભારતમાં છે. ભારતના અનેક રાજવીઓ કૂતરાના શૉખીન થઈ ગયા છે જેમાં મુગલ સમ્રાટ જહાંગીર તેના શ્વાનપ્રેમ માટે પ્રસિદ્ધ છે. અનેક જાતના કૂતરા તેણે પાળેલા. એક અંગ્રેજે ભેટ ધરેલા કદાવર કૂતરાને માટે તો તેણે ચાર ખાસ નોકર અને મહેલથી દરબારમાં લાવવા માટે ખાસ પાલખી રાખેલાં. તેના ગળાનો પટ્ટો પણ હીરાજડિત હતો. એવા છેલ્લા શ્વાનપ્રેમી જૂનાગઢના નવાબ મહોબતખાને તો કૂતરા-કૂતરીના લગ્નની જાન જોડી ધામધૂમથી તેમને પરણાવેલાં.

અવધનો નવાબ નસીરુદ્દીન હૈદર પણ કૂતરાઓનો ભારે શૉખીન હતો. એને શક રહેતો કે પોતાને ઝેર દઈ મારી નાખવામાં આવશે, એટલે જમતાં પહેલાં બધી વાનીઓ કૂતરાઓને ખવડાવીને એમાં ઝેર ન હોવાની ખાતરી કરીને પછી જ ખાતો. કાવતરામાં સામેલ દરબારીઓને લાગ્યું કે આમ તો નસીરુદ્દીનનું કાસળ નહિ કાઢી શકાય, એટલે એક દિવસ નસીરુદ્દીનને તમામ કૂતરાને હડકવા લાગુ પડ્યાનું જણાવ્યું. નસીરુદ્દીને આ પરથી તમામ કૂતરાઓને મારી નાખવાનો હુકમ આપ્યો. આમ કૂતરાને મારી નાખવામાં આવ્યા પછી નસીરુદ્દીનને પણ ઝેર આપી મારી નાખવામાં આવ્યો.

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ નાટ્યકાર રામ ગણેશ ગડકરીએ શિવાજી પર લખેલા નાટક 'રાજસંન્યાસ' અર્પણ કર્યું છે શિવાજીના એક વફાદાર કૂતરાને. રાયગઢના કિલ્લામાં શિવાજીની સમાધિ પાસે જ તેમના એ કૂતરાની સમાધિ આવેલી છે. શિવાજીનો એ એટલો હેવાયો બની ગયેલો કે તેઓ દરબારમાં હોય કે યુદ્ધના મેદાનમાં, તે એમની સાથે ને સાથે જ રહેતો.

શિવાજીનું દેહાવસાન થતાં તેમને ઢોલનગારાં ને તોપો વડે અંતિમ સલામી આપી તેમનું શબ ચંદનની ચિત્તા પર મૂકી અગ્નિદાહ દેવામાં આવ્યો. આગની ભયંકર જ્વાળાઓ ઊઠી, અને કોઈનું ધ્યાન ખેંચાય એ પહેલાં તો એ વફાદાર કૂતરાએ દોડીને ભડભડતી ચિતામાં પોતાની જાતને હોમી દીધી. સમસ્ત ક્રિયા પતી ગયા બાદ શિવાજીની સમાધિ ચણવામાં આવી ત્યારે એમની જોડે જ એમના સ્વામીભક્ત, આત્મત્યાગી કૂતરાની પણ સમાધ ચણવામાં આવી.

મરાઠા નરેશ સાહુને પણ જુદીજુદી નસ્લના કૂતરા પાળવાનો શૉખ હતો. તેમાં 'ખંડિયા' નસ્લનો એક કૂતરો સાહુનો ખૂબ માનીતો હોઈ તેને રત્નજડિત પોશાક પહેરાવવામાં આવતો. એક વાર હૈદરાબાદના નિઝામ સામે તે યુદ્ધમાં ઊતરેલો એ વખતે એક માણસખાઉ વાઘના ઉત્પાતની વાત સાહુને કાને આવી અને તે કેટલાક સૈનિકો સાથે ખંડિયા કૂતરાને પણ લઈ તેના શિકારે ઊપડ્યો. માંચડો બાંધવાની ના પાડી દઈ તે એક કુશળ નિશાનબાજ સિપાઈ અને ખંડિયા કૂતરા સાથે એક ઝાડ નીચે બેસી ગયો. સંયોગવશ હાકાથી ગભરાયેલો વાઘ એ લોકો બેઠા હતા ત્યાં જ આવી પહોંચ્યો અને સીધો સાહુ તરફ વધ્યો. સાહુએ ગોળી છોડી, પણ વાઘને છરકતી જ વાગતાં ક્રોધિત વાઘ સીધો તેના પર કૂદ્યો. ખંડિયાએ આ જોયું અને તે એ જ ક્ષણે વાઘને ચોંટી પડ્યો વાઘે સાહુને છોડી પહેલાં ખંડિયાનો ફેંસલો કરી નાખવા તેની સાથે જમાવવનું નક્કી કર્યું. તેણે એ માટે પેંતરો જમાવ્યો, પણ ખંડિયા પર કૂદવા જાય તે પહેલાં તો સાહુની બીજી ગોળીએ તેને પતાવી દીધો. પાછા ફરતાં તેણે પોતાનો મુગટ એ કૂતરાને માથે મૂકી ઘોષણા કરી કે, 'આજથી હું ઉઘાડે માથે બેસીશ, રાજમુગટ આ કૂતરાને માથે રહેશે.'

તુલસી જગ મેં યૂં રહો, જ્યૂં જિહ્વા સુખ માંહી;
ઘી બહોત ભક્ષણ કરે, તો ભી ચીકની નાંહી.

અંગ્રેજ કવિ મિલ્ટન અંધ થયા પછી ડયૂક ઑવ યૉર્ક તેને મળવા ગએલા ત્યારે કહેલું, 'તમને નથી લાગતું કે તમે રાજા સામે કરેલાં લખાણની ઇશ્વરે આ સજા કરી છે?' મિલ્ટને શાંતિથી ઉત્તર વાળ્યો કે ઈશ્વરનો ન્યાય જો અહીં જ ચુકવાતો હોય તો તો તમારા પિતાએ કેટલા ભયંકર ગુના કર્યા હોવા જોઇએ? હું તો માત્ર અંધ જ થયો છું, પણ તેમનો તો શિરચ્છેદ થયો હતો!'

કહેવતોની કથા: 'રાણીનો સાળો'—કોઇ માથાભારે થનાર માટે વપરાતી આ કહેવત પાછળ એવી વાત છે કે એક બેવકૂફ ને બેફિકર ઠાકોરના ગામમાં આવેલા પરદેશીએ ત્યાં સૌને મન ફાવે તેમ ચરી ખાતા જોઈને, પોતે પણ એ અંધાધૂંધીનો લાભ લેવા સ્મશાનમાં અડ્ડો જમાવીને મુડદાવેરો ઉઘરાવવો શરૂ કર્યો ને ધીમેધીમે એમાં અમલદાર થઈ ગયો. એક વખત રાજગઢમાં મરણ થતાં તેણે ખુદ રાજા પાસેથી પણ દાણ માગ્યું, ત્યારે ઠાકોરે પૂછ્યું કે તું કોણ છે ને શા હકથી આ જકાત લે છે. પેલાએ જવાબ આપ્યો કે, 'હું રાણીનો સાળો છું.' આવા નિકટના સંબંધથી સંતોષ પામી બેવકૂફ રાજાએ જકાત ભરી દીધી ને ઘેર જઈ રાણીને હોંશથી વાત કરી કે, 'સ્મશાનમાં તમારો સાળો દાણ લે છે તે બહુ હોશિયાર લાગે છે!' ચતુર રાણી સમજીને સમસમી રહી કે જે ધણીને એટલી ગમ નથી કે સ્ત્રીને સાળો હોય નહિ, તેના રાજમાં કોઈ મસાણનું દાણ ઉઘરાવી ખાય એમાં શી નવાઈ?

કોઈ પણ ઊંચા ઝાડની ઊંચાઈ માપવાની સહેલી રીત તેના પડછાયા પરથી છે. ઝાડની નજીક એક નાનકડી લાકડી ઊભી રાખી તેના પડછાયાની લંબાઈ માપો. પછી તે વડે ઝાડના પડછાયાને ભાગી નાખીને જે આવે તેને લાકડીની ઊંચાઇ વડે ગુણો, એટલે ઝાડની ઊંચાઇનું ચોક્કસ માપ મળી રહેશે.

ગુરુ ગ્રહનું ચુંબકક્ષેત્ર એટલું વ્યાપક છે કે જો એ જોઈ શકાતું હોય તો નરી આંખે એ આકાશમાં પૂર્ણચંદ્ર કરતાં યે વધુ મોટું દેખાય.

ગોલ્ડન સ્પાઈડર નામની જાતના કરોળિયાની જાળનો તંતુ તેટલી જ જાડાઈના પોલાદી તાર કરતાં વધારે મજબૂત હોય છે.

ઍલ્યુમિનીઅમ એટલું મજબૂત હોય છે કે તેની બનેલી વિમાનની પાંખો દર ચોરસ ઇંચ ઉપર ૯૦,૦૦૦ પાઉન્ડનું દબાણ ખમી શકે છે.

કોલોરાડો નદી પરના ગ્લૅન કૅન્યન ડૅમની પાછળ દરરોજ ૯૫૦ લાખ ટન કાંપ ને પાણી ભરાય છે.

એક અતિ જાડી મહિલા ભીંસાભીંસ કરી આખરે બસમાં તો ચડી ગઈ, પણ બેસવાની જગ્યા મળી નહિ. અકળાઇને એ બોલી ઊઠી: 'અરે, આટલા બધા પુરુષોમાં કોઈક તો એક સ્ત્રીને બેસવા દો.' પણ એના તરફ જોઈ રહેલામાંથી કોઇએ ઊઠી જઇને એને બેસવા કહ્યું નહિ.

અંતે એક દુબળો-પાતળો આદમી ઊભો થઈ બોલ્યો, 'હું આપને માટે જ જગ્યા કરી આપવા તૈયાર છું, પણ મારા એકલાના ઊભા થઈ જવાથી શો ફેર પડશે?' અને એટલું બોલી એ પાછો બેસી ગયો.



કલાકણિકા: પરંપરાનો કલાપ્રસાદ જાળવી રાખતી ભારતની આધુનિક કારીગરી.